આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### આરએનસી ફ્રી આઈ હોસ્પિટલમાં નિઃસ્વાર્થ સેવાઓથી જાણીતા ભરતભાઈ (ધનંજય) દેસાઈનું ૮૬ વર્ષની વયે નિધન

## વલસાડે એક સેવાભાવી રત્ન ગુમાવ્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** પોતાનું સમગ્ર જીવન બીજાના અંધકારમય જીવનમાં પ્રકાશ પાથરવા માટે સમર્પિત કરનાર વલસાડના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને અગ્રણી સેવાભાવી વ્યક્તિત્વ ભરતભાઈ (ધનંજય) ઠાકોરભાઈ દેસાઈનું ૮૬ વર્ષની વયે તેમના નિવાસસ્થાને દુઃખદ અવસાન થયું છે. તેમના નિધનથી વલસાડ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના સેવાકીય જગતમાં ઊંડો શોક વ્યાપી ગયો છે.

સ્વ. ભરતભાઈ દેસાઈ વલસાડની પ્રસિદ્ધ ફ્રી આઈ હોસ્પિટલ સાથે વર્ષો સુધી સક્રિય રીતે જોડાયેલા રહ્યા હતા. તેમના અવિરત પ્રયાસો અને સેવાભાવને કારણે ગુજરાત તેમજ આસપાસના અન્ય રાજ્યોમાંથી આવતા હજારો ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓના આંખના ઓપરેશન સંપૂર્ણપણે નિઃશુલ્ક શક્ય બન્યા હતા. અસંખ્ય પરિવારોના જીવનમાં પુનઃ દૃષ્ટિનો સંચાર કરવામાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. પોતાના નિઃસ્વાર્થ કાર્યો અને દૃષ્ટિહીનોને આપેલી નવી રોશની થકી ભરતભાઈ દેસાઈ લોકહૃદયમાં સદાય જીવંત રહેશે. તેમની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમણે ક્યારેય સેવાને પ્રસિદ્ધિનું માધ્યમ ન બનાવ્યું હતું. અનેક સંસ્થાઓ દ્વારા તેમના સન્માનના પ્રયાસો થયા, પરંતુ તેઓ સ્ટેજ પર જઈ સન્માન સ્વીકારવાને બદલે પોતાના પાયાના કાર્યકરો અને સાથીઓને આગળ કરતા. તેઓ દૃઢપણે માનતા કે સેવામાં નામ નહીં, પણ કામ બોલવું જોઈએ. આ ઉપરાંત તેમણે જીવનભર અનેક જરૂરિયાતમંદોને ગુપ્ત દાન આપી સાચા અર્થમાં ગુપ્તદાન, મહાદાનની ઉક્તિને સાર્થક કરી હતી.

આજે તેમની અંતિમયાત્રા વલસાડના હાલર વજીફદાર મહોલ્લા સ્થિત નક્ષત્ર એપાર્ટમેન્ટ ખાતેથી નીકળી હતી, જેમાં શહેરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, તબીબો, વકીલો, પત્રકારો, સામાજિક-ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં સ્નેહીજનો જોડાયા હતા અને અશ્રુભીની વિદાય આપી હતી. ઉલ્લેખનીય છે કે સ્વ. ભરતભાઈના પરિવારમાં તેમના એકમાત્ર પુત્ર ધર્મિનભાઈ દેસાઈ છે, જેઓ અમેરિકામાં સ્થાયી થયા છે. પરંતુ તાજેતરમાં જ તેઓ ભારતમાં આવી પહોંચ્યા હતાં.

તેથી પિતાના અંતિમ સમયે તેમના એકમાત્ર પુત્રની સમયસર ઉપસ્થિતિ રહી શકી હતી.

## વાપી મનપામાં વોટસએપ્પસથી વ્યવસાય વેરો ભરવાની સુવિધા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વ્યવસાય, વેપાર, રોજગાર કે ધંધો કરતા ઈસી ધારકોને વ્યવસાય વેરો સમયસર ભરવા મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે. ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭નો વ્યવસાય વેરો બાકી હોય તેવા કરદાતાઓએ સપ્ટેમ્બર માસના અંત પહેલાં વેરો ભરી દેવા જણાવાયું છે. ઓક્ટોબર માસથી બાકી વેરા પર વાર્ષિક ૧૨ ટકા વ્યાજ લાગવાનું શરૂ થશે.

વાપી મહાનગરપાલિકા કમિશનર એન. એફ. ચૌધરી દ્વારા મહાનગરપાલિકાની વેબસાઈટ મારફતે ઓનલાઈન વ્યવસાય વેરો ભરવાની સુવિધા શરૂ કર્યા બાદ હવે કરદાતાઓની વધુ સરળતા માટે પ્રથમ વખત વોટ્સએપ મારફતે વ્યવસાય વેરાનું બિલ મોકલવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. વોટ્સએપ પર બિલ પ્રાપ્ત થયા બાદ Pay Now વિકલ્પ મારફતે એક જ ક્લિકમાં ઓનલાઈન વેરાની ચુકવણી કરી શકાય છે. આ નવી સુવિધા હેઠળ કરદાતાને વોટ્સએપ પર જ પોતાનું બિલ પ્રાપ્ત થાય છે. ઓનલાઈન પેમેન્ટ માટે નોંધણી નંબર કે મોબાઈલ નંબર અલગથી દાખલ કરવાની જરૂર રહેતી નથી. બિલમાં વેરાની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે તેમજ તેની PDF પણ ડાઉનલોડ કરી શકાય છે. Pay Now બટન પર ક્લિક કરી વિગતોની ચકાસણી કર્યા બાદ સુરક્ષિત રીતે ઓનલાઈન વેરો ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મહાનગરપાલિકાના ટેક્સ વિભાગના હેડક્લાર્ક રાકેશ ઠક્કરે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે ૯,૪૦૦થી વધુ વ્યવસાય વેરાના ઈસી ધારકોને વ્યાજ શરૂ થાય તે પહેલાં વોટ્સએપ મારફતે બિલ મોકલવામાં આવ્યા છે. નવી ઓનલાઈન સુવિધાના કારણે કરદાતાઓને મહાનગરપાલિકાની કચેરી સુધી આવવાની જરૂરિયાત ઘટી છે અને ઘરેથી જ સરળતાથી વેરાની ચુકવણી કરી શકાય છે.

અત્યાર સુધીમાં ૯૦૦થી વધુ ઈસી ધારકોએ વ્યવસાય વેરો ભરી વ્યાજના બોજમાંથી છુટકારો મેળવ્યો છે.

મહાનગરપાલિકાના નાયબ કમિશનર કિરણસિંહ રાણાએ જણાવ્યું હતું કે, ઈસી વ્યવસાય વેરો વ્યવસાય, વેપાર, રોજગાર કે ધંધો કરતા વ્યક્તિઓ અને સંસ્થાઓ પર લાગુ થતો કાયદાકીય કર છે. વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વ્યવસાય કરતા તમામ ઈસી ધારકો માટે આ વેરો સમયસર ભરવો અનિવાર્ય છે. તેથી બાકીદારોને સપ્ટેમ્બર માસના અંત પહેલાં વ્યવસાય વેરો ભરી વ્યાજથી બચવા અપીલ કરવામાં આવી છે.



## દમણમાં દોઢ દિવસીય ગણેશનું વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૫ :** દમણમાં દોઢ દિવસના ગણેશ ઉત્સવની ઉજવણી બાદ, ભક્તોએ મંગળવારે ભક્તિમય વાતાવરણમાં ભગવાન ગણેશની મૂર્તિઓનું વિસર્જન કર્યું હતું. ઘણા ભક્તોએ ઘરે પાણીના ટબમાં નાની માટીની મૂર્તિઓનું વિસર્જન કર્યું હતું, પર્યાવરણ સંરક્ષણનો સંદેશ ફેલાવ્યો હતો. નાની દમણ જેટી અને મોટી દમણના જેમ્પોર વિસ્તારમાં મોટી ગણપતિ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. સાંજ પડતાં જ, ભક્તોએ ગણપતિ બાપ્પાની મૂર્તિઓ સાથે નાચવાનું શરૂ કર્યું અને શેરીઓમાં ભક્તિ ગીતો ગુંજી ઉઠ્યા. ગણપતિ બાપ્પા મોરયા ના નારા બધે સંભળાયા હતાં. ભક્તોએ પોતાના વાહનોમાં ગણપતિની મૂર્તિઓને વિસર્જન સ્થળોએ પહોંચાડી. નદી કિનારે આરતી અને પૂજા કર્યા પછી, વહીવટીતંત્ર દ્વારા તૈનાત કરાયેલા કર્મચારીઓએ બોટ અને ક્રેનનો ઉપયોગ કરીને નદી અને સમુદ્રના સંગમ પર મૂર્તિઓનું વિસર્જન કર્યું. વિસર્જન દરમિયાન, ભક્તોની સુરક્ષા અને ટ્રાફિક જાળવવા માટે પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા હતો. વહીવટીતંત્રની સતર્કતાને કારણે, વિસર્જન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું.

## વલસાડમાં શેરમાં રોકાણની સાયબર ઠગાઈ ગેંગના બે ડીસાથી ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** શેરબજારમાં ઈન્સ્ટીટ્યુશનલ ટ્રેડિંગના નામે બલ્કમાં શેર ખરીદી વધુ નફો કમાવવાની લાલચ આપી વલસાડના એક જાગૃત નાગરિક સાથે રૂા.૧,૪૬,૭૫,૦૦૦ ની માતબર રકમની સાયબર છેતરપિંડી આચરવાના ગુનામાં વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે મોટી સફળતા મેળવી છે. આ આંતરરાજ્ય ગેંગના વધુ બે આરોપીઓને બનાસકાંઠાના ડીસા નજીક માલગઢગામેથી દબોચી લેવામાં આવ્યા છે.

વલસાડ સાઈબર ક્રાઈમમાં એક ફરિયાદી ખુશરુ ડાલી પેટીગરાને ભેજાબાજોએ 'Wealthy Vision VIP Circle' નામના વ્હોટ્સએપ ગ્રૂપમાં ઉમેર્યા હતા. ત્યારબાદ 'WealthyIN Broking Private Limited' નામની બોગસ કંપની ઊભી કરી શેરબજારમાં મોટા નફાની લાલચ આપી ફરિયાદી પાસેથી તબક્કાવાર રૂ. ૧.૪૬ કરોડથી વધુ રકમ વિવિધ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. એપ્લિકેશનમાં નકલી નફો દર્શાવ્યા બાદ જ્યારે ફરિયાદીએ રકમ ઉપાડવા પ્રયાસ કર્યો, ત્યારે નફા પર ૧૫ % વધારાના કમિશનની માંગણી કરી હતી. છેતરાયાનો અહેસાસ થતાં ફરિયાદીએ વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગુજરાત ડીજીપી જી.એસ. મલિક, સુરત રેન્જ આઈજીપી પ્રેમવીર સિંહ તથા વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમના પીઆઈ એચ.જી. રબારી અને પીએસઆઈ ડી.એસ. પટેલે તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે અગાઉ એક આરોપી નરેન્દ્ર માળી ને પકડ્યો હતો. તેની પૂછપરછ બાદ ફરાર થયેલા અન્ય બે આરોપીઓ ભાદરવા બીજ નિમિત્તે માલગઢ આવ્યા હોવાની ચોક્કસ બાતમી મળતાં જ પોલીસે છાપો મારી બંન આરોપીઓમાં ભાર્ગવ નરેશભાઈ સોલંકી રહે. મામા નગર રોડ, દૂધની ડેરી સામે, માલગઢ, ડીસા, બનાસકાંઠા અને મેહુલ મહેન્દ્રભાઈ કછુઆ રહે. કાન્તી નગર, માલગઢ, ડીસા, બનાસકાંઠા જેના બેંક ખાતામાં છેતરપિંડીના રૂ. ૧૮.૭૦ લાખ જમા થયા હતા.

ફરિયાદ મળતાં જ સાયબર ટીમે તાત્કાલિક નેશનલ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી એકાઉન્ટ્સ ફ્રીઝ કરાવ્યા હતા, જેના પરિણામે ફરિયાદીના રૂ. ૫૩,૯૭,૭૯૭/- સલામત રીતે પરત અપાવવામાં પોલીસને સફળતા મળી છે.

પોલીસે નાગરિકોને અજાણ્યા વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રૂપમાં રોકાણ ન કરવા અને ગેરંટીડ રિટર્ન આપતી લોભામણી સ્કીમોથી સાવધ રહેવા અપીલ કરી છે. સાયબર ફ્રોડનો ભોગ બનતાં જ તાત્કાલિક હેલ્પલાઈન નંબર ૧૯૩૦ અથવા cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવવા જણાવાયું છે.

## વાપીમાં રેલ્વેના કામ માટે જે ટાઈપ રોડ બંધ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપીના મોટા ગરનાળા પાસે જીઆઈડીસી તરફ જતો મુખ્ય રોડ હાલ બંધ કરવામાં આવ્યો છે, જેના કારણે વાહનચાલકોમાં કન્ફ્યુઝન જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ વાપી જે ટાઈપ નજીક કોઈ ચાલી રહેલી કામગીરીને લઈને જીઆઈડીસી તરફનો રસ્તો અવરજવર માટે બંધ રાખવામાં આવ્યો છે. આ રોડ પર બેરિકેડ મૂકી અવરજવર રોકવામાં આવી છે. જેને લઈ ઉદ્યોગનગર તરફથી આવતા વાહન ચાલકો અટવાઈ રહ્યા છે. જોકે, બીજી તરફ વાપી ગીતાનગરથી મોટા ગરનાળા તરફ આવતો રોડ શરૂ છે અને વાહનોની અવરજવર યથાવત છે. વાહનચાલકોએ ગીતાનગર થઈને અવરજવર કરવી પડી રહી છે.

તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. રોડ ક્યારે શરૂ થશે તે અંગે હજુ સુધી સ્પષ્ટતા કરવામાં આવી નથી. ત્યાં સુધી વાહનચાલકોએ સાવચેતી રાખવી જરૂરી છે.

## વલસાડમાં દેશના પ્રખ્યાત ૧૦૯ ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના

### મોટા બજાર સ્થિત પ્રાચીન અંબામાતા મંદિરમાં ગણેશોત્સવની અનોખી ઉજવણી : ભાવિક ભક્તોમાં દર્શનનો ઉત્સાહ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** સમગ્ર દેશભરમાં ગણેશ ચતુર્થીના પાવન પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે, ત્યારે વલસાડ શહેરના મધ્યમાં આવેલા મોટા બજારના ઐતિહાસિક અંબામાતા મંદિર પરિસરમાં આ વર્ષે ગણેશોત્સવ નિમિત્તે અનોખી પહેલ કરવામાં આવી છે. મંદિર પ્રાંગણમાં ગણેશજીની ૧૦૯ જેટલી વિવિધ મૂર્તિઓનું ભવ્ય પાર્થિવ પૂજન અને સ્થાપન કરવામાં આવતાં આ સ્થળ શ્રદ્ધાળુઓ માટે આસ્થા અને વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

આ આયોજનની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં દેશ-વિદેશના ખ્યાતનામ ગણેશ મંદિરોના સ્વરૂપોને એક જ છત નીચે સાકાર કરવામાં આવ્યા છે. અહીં મહારાષ્ટ્રના પવિત્ર અષ્ટવિનાયક, પુણેના શ્રીમંત દગડુશેઠ હલવાઈ, મુંબઈના સિદ્ધિવિનાયક, જયપુરના મોતી ડુંગરી, રાજસ્થાનના ત્રિનેત્ર ગણેશ તેમજ વડોદરાના ધૂંડી વિનાયકની પ્રતિકૃતિ સમી પ્રતિમાઓ સ્થાપિત કરાઈ છે. આ ઉપરાંત અમેરિકાના ન્યૂયોર્ક મ્યુઝિયમમાં સંગ્રહિત વરદ વિનાયકની પ્રતિમાનું સ્વરૂપ પણ અહીં દર્શનાર્થે મૂકવામાં આવ્યું છે.

દર્શન માટે પહોંચેલા ભાવિકો ભાવનાબેન ભટ્ટ, દેવલ ભટ્ટ અને નયનેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, જે શ્રદ્ધાળુઓ દેશભરના તીર્થસ્થાનોએ પહોંચી શકતા નથી, તેઓને વલસાડમાં જ એકસાથે તમામ સ્વરૂપોના દર્શનનો લહાવો મળી રહ્યો છે. મંદિર પરિસરમાં માત્ર એક પ્રદક્ષિણા કરવાથી ૧૦૯ ગણેશજીની પ્રદક્ષિણા કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. અહીં ભક્તો જાતે જ આરતી અને પૂજા કરી પરમ શાંતિનો અનુભવ કરી રહ્યા છે.

મંદિરના પૂજારી ધવલ વ્યાસના જણાવ્યા અનુસાર, શ્રદ્ધાળુઓ સરળતાથી પૂજન, અર્ચન અને પ્રદક્ષિણા કરી શકે તે માટે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

અનંત ચતુર્દશી સુધી બિરાજમાન રહેનારી આ ૧૦૯ મૂર્તિઓના દર્શન માટે વલસાડ શહેર સહિત સમગ્ર પંથકમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે.

## કોંગ્રેસની કિસાન અધિકાર યાત્રા માંડવા પહોંચી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત Gen Z અને કિસાન અધિકાર યાત્રા' લાવાછાથી પ્રસ્થાન કરી મોટાપોઢા, પંડોર, અરનાળા, બાળચોડી થઈ માંડવા પહોંચી હતી. માંડવા ખાતે યાત્રામાં મોટી સંખ્યામાં ખેડૂતો, યુવાનો અને સ્થાનિક લોકો જોડાયા હતા. આ પ્રસંગે ધરમપુર તાલુકાના વિરોધ પક્ષના નેતા દેવુભાઈ મોકાશીએ જળ, જંગલ અને જમીનના અધિકારો, ખેડૂતોના પ્રશ્નો, મોંઘવારી, રોજગાર, શિક્ષણ અને આરોગ્ય સહિતના મુદ્દે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કિસન પટેલે આદિવાસીઓના નામે ખોટા દસ્તાવેજોના આક્ષેપોની યોગ્ય તપાસ કરી ન્યાય અપાવવાની માંગ કરી હતી. કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો સાથે મોટી સંખ્યામાં ખેડૂતો તથા સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ દ્વારા બુધવારે નાનાપોઢા ખાતે બપોરે ૧ વાગ્યે યાત્રાના સમાપન પ્રસંગે મોંઘવારી, ખેડૂતોના વળતર, જમીન, રોજગાર, હાઈટેન્શન લાઈન, રસ્તા અને ભ્રષ્ટાચાર સહિતના પ્રશ્નોને લઈને સરકારને આવેદનપત્ર આપવાની જાહેરાત કરવામાં આવી છે.

## વાપીમાં પ્રતિબંધિત ગુટખા-પાન મસાલાનું ખુલ્લેઆમ વેચાણ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** ગુજરાત રાજ્યમાં સરકાર દ્વારા ગુટખા, પાન મસાલા સહિતના તમાકુજન્ય અને નશાકારક પદાર્થો પરનો પ્રતિબંધ વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો હોવા છતાં વાપી શહેર અને વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવા પ્રતિબંધિત પદાર્થોનું વેચાણ થતું હોવાની ચર્ચા વચ્ચે તંત્રની કામગીરી સામે સવાલો ઊઠી રહ્યા છે.

આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાપી ટાઉન તેમજ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા કેટલાક પાનના ગલ્લા, અનાજ-કરિયાણાની દુકાનો અને ચાની લારીઓ પર પ્રતિબંધિત ગુટખા તથા તમાકુજન્ય ચીજવસ્તુઓ ગ્રાહકોને સરળતાથી મળી રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. વધુમાં, સ્થાનિક ચર્ચા મુજબ વાપી જીઆઈડીસી તેમજ નાનાપોંઢા વિસ્તારની આસપાસના કેટલાક ઔદ્યોગિક એકમોમાંથી ગુટખા અને તમાકુજન્ય પ્રતિબંધિત ચીજવસ્તુઓનું ઉત્પાદન તથા હેરાફેરી થતી હોવાની વાતો સામે આવી રહી છે. અને હાઈવે માર્ગે મોટા વાહનોમાં થતી હેરાફેરી ઉપર નજર રાખવામાં આવતી હોવાના પગલે હવે નાના વાહનોનો ઉપયોગ થઈ રહ્યો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ વાપી જીઆઈડીસી ચાર રસ્તા અને ટ્રાન્સપોર્ટ વિસ્તારમાંથી ઈનોવા, અર્ટિગા તથા ઈકો જેવી કાર મારફતે ગુટકા ભરેલો માલ વાપીથી કપરાડા થઈ નાસિક અને ત્યારબાદ મહારાષ્ટ્ર તરફ લઈ જવામાં આવતો હોવાની માહિતી ચર્ચામાં છે.

આ ઉપરાંત રાત્રિના સમયે વાપીથી નેશનલ હાઈવે નં. ૪૮ મારફતે માલની હેરાફેરી થતી હોવાની પણ ચર્ચા છે.

પ્રતિબંધિત તમાકુજન્ય પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે અસરકારક કાર્યવાહી માટે ગુજરાત તથા મહારાષ્ટ્રની સંબંધિત અમલદાર એજન્સીઓ વચ્ચે સંકલન જરૂરી બન્યું છે. ખાસ કરીને વાપી જીઆઈડીસી, ટ્રાન્સપોર્ટ વિસ્તારો, હાઈવે માર્ગો અને સરહદી માર્ગો પર સંયુક્ત તપાસ કરવામાં આવે તો પ્રતિબંધિત પદાર્થોની હેરાફેરી પર અંકુશ લાવી શકાય તેવી માંગ ઉઠી રહી છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential – VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI • – LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

# ધકવાડામાં 'સમુદ્ર મંથન'ની અદ્ભુત ઝાંખી સાથે 'ધકવાડા રાજા' બિરાજમાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૫ :** બીલીમોરા નજીક આવેલા ધકવાડા ગામે નવયુવક ગણેશ મંડળ દ્વારા ૪૮માં વર્ષે સાર્વજનિક ગણેશ મહોત્સવની ભવ્ય અને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષોની પરંપરા મુજબ પ્રતિ વર્ષ અલગ અલગ થીમ પર વિવિધ ઝાંખીઓ રજૂ કરતું આ મંડળ આ વખતે પૌરાણિક કાળને સાક્ષાત કરતું અનોખું આયોજન લઈને આવ્યું છે, જેમાં 'ધકવાડાના રાજા' સમુદ્ર મંથનના જીવંત દ્રશ્યો સાથે બિરાજમાન થયા છે. ગણેશ મહોત્સવ નિમિત્તે ગામના વિશાળ તળાવમાં દેવો અને દાનવો દ્વારા અમૃત પ્રાપ્તિ માટે કરવામાં આવેલા સમુદ્ર મંથનના પ્રસંગને કલાત્મક રીતે કંડારવામાં આવ્યો છે. જળરાશિ વચ્ચે કૂર્માવતાર પર સ્થિત મંદરાચલ પર્વતને મથક બનાવી વાસુકી નાગની નેતર તરીકે રચના કરવામાં આવી છે. એક તરફ ચાર દેવતાઓ અને બીજી તરફ ચાર દાનવો વિરોધી દિશામાં બળ લગાવી સમુદ્ર મંથન કરતા નજરે પડે છે. પર્વતની ટોચે શેષનાગની છત્રછાયામાં ભગવાન શ્રી ગણેશનું મનમોહક સ્વરૂપ બિરાજમાન કરવામાં આવ્યું છે. મૂર્તિઓના વસ્ત્રો, આભૂષણો, શરીરના રંગો અને ચહેરાના ભાવ એટલા બારીક અને આબેહૂબ છે કે જોનારને પૌરાણિક કાળ સાક્ષાત થયાની અનુભૂતિ થાય છે. હિન્દુ ધર્મમાં સમુદ્ર મંથનનો પ્રસંગ એકતા, નિષ્ઠા અને સામૂહિક પ્રયાસોથી મળતી સફળતાનો સંદેશ આપે છે, જે દર્શનાર્થીઓમાં ઊંડી ધાર્મિક આસ્થા જગાડી રહ્યો છે.

મંડળના યુવાનો અને સહકર્મીઓની દિવસોની સખત મહેનતથી તૈયાર થયેલી આ અદ્ભુત કલાકૃતિને નિહાળવા આસપાસના પંથકમાંથી મોટી સંખ્યામાં ગણેશ ભક્તો ઉમટી રહ્યા છે અને આ ભગીરથ પ્રયાસને ભરપૂર બિરદાવી રહ્યા છે.

# ડાંગના યુવકોએ હિ.પ્ર.ના ૬,૧૧૧ મીટર ઊંચા માઉન્ટ યુનામ શિખર પર તિરંગો લહેરાવ્યો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૫ :** સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ માઉન્ટેનિયરિંગ (SVIM) પરિવાર અને સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ અંકિત થઈ છે. કમિશ્નર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,ગાંધીનગર અંતર્ગત કાર્યરત સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ નિં શુલ્ક હિમાલય ભ્રમણ કાર્યક્રમ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવેલ જેમાં હિમાચલ પ્રદેશ ખાતે આવેલા અંદાજે ૬,૧૧૧ મીટર (૨૦,૦૫૦ ફૂટ) ઊંચા અતિ દુર્ગમ અને પડકારજનક માઉન્ટ યુનામ શિખર પર SVIM ની ૧૨ સભ્યોની સાહસિક ટીમ પૈકી ૧૧ સભ્યોએ સફળતાપૂર્વક ચઢાણ કરી રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવ્યો છે.

આ ગૌરવયાત્રામાં ડાંગ જિલ્લાનું નામ પણ વિશેષ રૂપે ઝળક્યું છે. ડાંગ જિલ્લાના સ્થાનિક આદિવાસી યુવા પર્વતારોહક અનિલ ગવળીએ આ અભિયાનમાં અગ્રેસર રહી શિખર સર કર્યું છે. હિમાલયની બર્ફીલી ટેકરીઓ અને વિષમ આબોહવા વચ્ચે દર્શાવેલા આ સાહસ અને ધૈર્યને ડાંગ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરીએ દ્વારા બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં.

અત્યંત કઠિન ભૌગોલિક પરિસ્થિતિ અને હાડ થીજવતી ઠંડી વચ્ચે સંપન્ન થયેલા આ અભિયાનનું નેતૃત્વ SVIM ના પ્રિન્સિપાલ રાજલ પટેલે સંભાળ્યું હતું. જ્યારે ટીમ મેનેજર તરીકે પારસ ગેહલોત અને ડેપ્યુટી લીડર તરીકે સંજય અંસારી જોડાયા હતા.

આ સફળ આરોહણમાં પર્વતારોહક ટીમ સભ્ય તરીકે ડાંગ જિલ્લાના અનિલ ગવળી અને શિવરામ ગવળી સહિત સાજિદ સૈયદ, શ્રુષ્ટિ પટેલ, નિકિતા ચૌધરી, જીગર ચૌહાણ, અજય યાદવ, લલિત ભકુંડરા અને વિપુલ રાવલે પોતાની અદમ્ય ઈચ્છાશક્તિ અને સાહસિક ભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સમગ્ર ટીમની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ SVIM સંસ્થાન દ્વારા ટીમના તમામ સભ્યોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાના પર્વતારોહક ભોવાન રાઠોડ દ્વારા તાજેતરમાં જ આ પર્વત શિખર સફળતાં પુર્વક સર કરવામાં આવેલ હતું. તેથી ડુંગરાળ વિસ્તાર ધરાવતા ડાંગ જિલ્લામાં પણ કાયમી ધોરણે પર્વતારોહણ માટેનું તાલીમ કેન્દ્ર શરૂ થાય તો આદિવાસી સાહસિક યુવાઓને મોટી સંખ્યામાં ભાગ લેવાની તક સાંપડી શકે છે તેમજ યુવાઓ પર્વતરોહણ થકી જિલ્લા, રાજ્ય અને દેશનું નામ રોશન કરી શકે છે.

# વઘઈ કે.વિ.કે. દ્વારા 'ટેક્નોલોજી વીક'ની ઉજવણી સાથે પ્રાકૃતિક કૃષિનો સંદેશ અપાયો

## ૭૦૦થી વધુ મહિલા-પુરુષ ખેડૂતોએ લાભ લીધો : પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૫ :** ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર એવા વઘઈ ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કે.વિ.કે.) દ્વારા તા. ૭/૯/૨૦૨૬થી તા. ૧૧/૯/૨૦૨૬ દરમિયાન સપ્ટેમ્બર માસના બીજા સપ્તાહમાં 'ટેક્નોલોજી વીક' ની ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરવાના હેતુથી 'નેશનલ મિશન નેચરલ ફાર્મિંગ' અંતર્ગત તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કૃષિ યુનિવર્સિટી દ્વારા કૃષિ, બાગાયત અને પશુપાલન ક્ષેત્રે કરવામાં આવેલા સંશોધનો તથા વૈજ્ઞાનિક ભલામણો ડાંગ જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો સુધી પહોંચે અને ખેડૂતો આધુનિક તથા વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અપનાવી ઉત્પાદન અને આવકમાં વધારો કરી શકે તેવા શુભ આશયથી આ ટેક્નોલોજી વીકનું આયોજન કરાયું હતું.

ટેક્નોલોજી વીક દરમિયાન કૃષિ, બાગાયત, એગ્રો ફોરેસ્ટ્રી, કૃષિ પેદાશોના માર્કેટિંગ તથા પશુપાલન સહિતના વિવિધ વિષયો આધારિત કાર્યક્રમો યોજાયા હતા. વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈના વૈજ્ઞાનિકોએ ખેડૂતોને ઉપયોગી વૈજ્ઞાનિક માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. આર. એમ. નાયક, સંશોધન નિયામક ડૉ. ટી. આર. અહલાવત, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. હેમંત શર્મા, યુનિવર્સિટીના વિવિધ ડીન ઓ તેમજ વિષય નિષ્ણાતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

ટેક્નોલોજી વીક દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની વિવિધ પદ્ધતિઓ અંગે પ્રાયોગિક અને વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, આચ્છાદન, વાપ્સા તથા મિશ્ર પાક પદ્ધતિ જેવા પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના નિદર્શન ફાર્મની મુલાકાત કરાવી પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓને પ્રત્યક્ષ નિદર્શન દ્વારા સમજાવવામાં આવી હતી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ દ્વારા આયોજિત આ ટેક્નોલોજી વીકનો ૭૦૦થી વધુ મહિલા તથા પુરુષ ખેડૂતોએ લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતી, પ્રાકૃતિક કૃષિ, પાક સંરક્ષણ, પશુપાલન, બાગાયત તથા કૃષિ પેદાશોના માર્કેટિંગ અંગે ઉપયોગી માહિતી પ્રાપ્ત થઈ હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કૃષિ મહાવિદ્યાલય, વઘઈ, આહવા સ્થિત આત્મા, પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, સેવાધામ તથા અન્ય લાઈન ડિપાર્ટમેન્ટ્સનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## બીલીમોરા પંથકમાં વિવિધ મંડળો દ્વારા શ્રીજીની સ્થાપના



દેવસરાના ગજાજન ( સ્થાપના ૧૯૮૪)



ધકવાડાના રાજા, ધકવાડા



શ્રી બાલ ગણેશ મંડળ, (જીઆર ગૃપ) ગણદેવી રોડ



ત્રિવેણીના સિદ્ધિવિનાયક, તલોધ



ગણેશોત્સવ કરંજ યુવક મંડળ, ઓલવાડ



ઈચ્છાપુર્તિ ગણેશ, દત્ત મંદિર સામે, ગણદેવી રોડ



દેવસરના રાજા



મન્નતકા રાજા, દેવસર



શ્રી નવનાથ ધામ, દેવસર

# બીલીમોરા બ્રાઈટ સ્ટાર સ્કૂલમાં ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**બીલીમોરા, તા. ૧૫ :** બીલીમોરા બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સ્વ. જે. જે. મહેતાની જન્મજયંતિ, હિન્દી દિવસ તેમજ ગણેશ ચતુર્થી નિમિત્તે ત્રિવેણી સંગમ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાના દાતા સ્વ. જે. જે. મહેતાની જન્મજયંતિ નિમિત્તે તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી સમાજમાં શિક્ષણના પ્રસાર બદલ તેમના ઉમદા યોગદાનને યાદ કરાયું હતું. ત્યારબાદ હિન્દી દિવસની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓએ કબીરના દોહા, ભાષાનું મહત્વ દર્શાવતું નાટક અને શ્રોતાઓ માટે ઉખાણાં સ્પર્ધા રજૂ કરી હતી.આ સાથે ગણેશોત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓએ જાતે બનાવેલી ઈકો-ફ્રેન્ડલી ગણેશજીની પ્રતિમાનું ઢોલ-નગારાના તાલે ભક્તિભાવપૂર્વક સ્થાપન કર્યું હતું. આ અવસરે ટ્રસ્ટના પ્રમુખ ડૉ. સૂર્યકાંત પટેલ સહિત અન્ય ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીઓની પ્રતિભા તેમજ આચાર્ય અને શિક્ષકોના માર્ગદર્શનને બિરદાવી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

# આછવણીમાં આજે રક્તદાન શિબિર યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૧૫ :** ખેરગામ તાલુકાના આછવણી ખાતે આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પરિસરમાં તા. ૧૬ સપ્ટેમ્બર, બુધવારના રોજ સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા દરમિયાન રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. 'વન ડ્રોપ ઑફ હ્યુમેનિટીઝ - ગિવ બ્લડ, સેવ લાઈફ' થીમ અંતર્ગત યોજાનાર આ રક્તદાન યજ્ઞનું આયોજન જિલ્લા આરોગ્ય વિભાગના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેન્દ્ર રંગુનવાલા, જિલ્લા ક્ષય અધિકારી ડૉ. પિનાકીન પટેલ તથા ખેરગામ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જ્ઞેશ દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી યોજાનારી આ શિબિરમાં ખેરગામ તાલુકાની જાહેર જનતાને સ્વૈચ્છિક રક્તદાન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

વધુમાં વધુ લોકો રક્તદાન કરી આ સેવાકીય કાર્યમાં સહભાગી બને અને શિબિરને સફળ બનાવે તે માટે આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. 'રક્તદાન મહાદાન' અને 'સેવામાં મારું યોગદાન'ના સંકલ્પ સાથે સૌને આ રક્તદાન યજ્ઞમાં જોડાવા અપીલ કરવામાં આવી છે.

# બીલીમોરામાં દોઢ દિવસના ગણેશજીને ભાવભીની વિદાય અપાઈ



**બીલીમોરા, તા.૧૫ :** બીલીમોરા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ગણેશ ચતુર્થીના પાવન પર્વે ભક્તો દ્વારા અત્યંત શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક વિઘ્નહર્તા ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. દોઢ દિવસ સુધી ઘરો અને પંડાલોમાં લાડકા બાપ્પાની સેવા-અર્ચના કર્યા બાદ મંગળવારે સાંજે ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું.

દોઢ દિવસના ગણેશજીનું આતિથ્ય માણ્યા બાદ મંગળવારે સાંજ પડતાં જ વાતાવરણ ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકર યા ના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું. ભક્તો ઢોલ-નગારાના તાલે અબીલ-ગુલાલની છોળો વચ્ચે બાપ્પાની પ્રતિમાઓને લઈને અંબિકા નદી કિનારે આવેલા બંદરે પહોંચ્યા હતા.

બંદર ખાતે શાસ્ત્રોક્ત વિધિ મુજબ મહાઆરતી અને પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભક્તોએ બાષ્પીભૂત આંખો અને ભારે હૈયે બાપ્પાને જળમાં પધરાવી ભાવભીની વિદાય આપી હતી. વિસર્જન દરમિયાન અંબિકા નદીના કિનારે મોટી સંખ્યામાં ભાવિક ભક્તોની ભીડ ઉમટી પડી હતી. પાલિકા સભ્ય અંકિત ટંડેલ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પણ સુરક્ષા અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી તકેદારી રાખવામાં આવી હતી.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.agt@gmail.com


# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૬-૦૯-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** શ્રાવણ, છઠ, **સૂર્યોદય :** ૦૬ : ૩૦ **સૂર્યાસ્ત** ૦૬ :૩૮, **ચંદ્રોદય** - ૧૧:૦૫ **ચંદ્રાસ્ત** - ૦૯:૫૬ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - વિશાખા

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** પૈસાની બાબતોમાં ઉતાવળ કરવાને બદલે વિચારીને નિર્ણય લેવો હિતાવહ રહેશે. ઉતાવળે નિર્ણયો લેવાને બદલે ધીરજ પૂર્વક આગળ વધવું હિતાવહ રહેશે.

**વૃષભ (બ, વ, ઉ) :** તમારા અટકેલા નાણાં પરત મળવાની -બળ સંભાવના દેખાઈ રહી છે. કરિયરમાં વરિષ્ઠ અધિકારીઓનો પૂરો સહયોગ મળશે અને કામમાં મજબૂતી આવશે.

**મિથુન (ક, ઘ, ચ) :** આવક વધારવા માટે નવી યોજનાઓ અથવા પ્રોજેક્ટ તરફ તમારું ધ્યાન આકર્ષિત થઈ શકે છે. વેપાર કે વ્યવસાયના નિર્ણયોમાં બહુ ઉતાવળ ન કરવાની સલાહ છે.

**કર્ક (ડ, હ) :** ભવિષ્યની આર્થિક સુરક્ષા માટે લાંબા ગાળાનું આયોજન કરવું ફાયદાકારક રહેશે.

**સિંહ (મ, ટ) :** નાણાકીય દ્રષ્ટિએ દિવસ લાભદાયી રહેશે અને ઘરમાં પણ શાંતિનું વાતાવરણ રહેશે. બિનજરૂરી ખર્ચથી બચવા માટે બજેટ પર ધ્યાન આપવું જરૂરી છે.

**કન્યા (પ, ઠ, ણ) :** પૈસાના હિસાબ-કિતાબને બારીકાઈથી સમજવા માટે આ શ્રેષ્ઠ સમય સાબિત થશે.ાર્યસ્થળ પર તમારી કાર્યશૈલીમાં સારો નિખાર અને પ્રગતિ જોવા મળશે.

**તુલા (ર, ત) :** સ્વાસ્થ્ય સંબંધિત થોડી ચિંતા રહી શકે છે, તેથી પોતાના માટે સમય ફાળવવો.

**વૃશ્ચિક (ન, ય) :** કાર્યસ્થળ પર કોઈ પણ પ્રકારના વાદ-વિવાદથી દૂર રહીને શાંતિથી મહેનત કરવી.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** દિવસ દરમિયાન કોઈ મોટો કે સારો ઓફર પણ તમને મળી શકે છે.

**મકર (ખ, જ) :** ઓફિસમાં સહકર્મીઓનો સારો સાથ મળશે, પણ સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી.
વિદ્યાર્થીઓ માટે અભ્યાસના ક્ષેત્રમાં સારો સુધાર જોવા મળી શકે છે**કુંભ (ગ, સ, શ, ષ) :** કોઈ નવી આર્થિક કે વ્યવસાયિક યોજના પર કામ કરવા માટે દિવસ સારો છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** પરિવારના સભ્યો સાથે તાલમેલ જાળવી રાખવો અને ઉતાવળા નિર્ણયો ટાળવા.

# દમણ રેડિયો

**102.3 FM**

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 9 | | | 6 | | 2 | | | 8 |
| | | 8 | 5 | | 1 | 4 | | |
| 5 | 2 | | | 1 | | | 8 | 6 |
| 1 | | | 4 | | 6 | | | 2 |
| 7 | 6 | | | 3 | | | 5 | 4 |
| | | 7 | 8 | | 4 | 9 | | |
| 2 | | | 1 | | 9 | | | 7 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૭૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 2 | 9 | 7 | 6 | 3 | 5 |
| 9 | 5 | 6 | 1 | 3 | 4 | 7 | 8 | 2 |
| 3 | 7 | 2 | 6 | 8 | 5 | 1 | 4 | 9 |
| 2 | 6 | 8 | 4 | 1 | 3 | 5 | 9 | 7 |
| 4 | 3 | 1 | 7 | 5 | 9 | 8 | 2 | 6 |
| 5 | 9 | 7 | 8 | 6 | 2 | 4 | 1 | 3 |
| 7 | 4 | 3 | 5 | 2 | 8 | 9 | 6 | 1 |
| 1 | 8 | 9 | 3 | 7 | 6 | 2 | 5 | 4 |
| 6 | 2 | 5 | 9 | 4 | 1 | 3 | 7 | 8 |

# વાપીમાં MSTA 4.0- ધ રાઇઝ વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ





**મેગા ઈવેન્ટમાં ૬૦ થી વધુ શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાંથી ૨૩ અસાધારણ વિદ્યાર્થીઓ ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચ્યા હતા : ૬૦૦ થી વધુ ઉત્સાહી દર્શકો અને પ્રેક્ષકોની હાજરીએ કાર્યક્રમમાં ભારે જોશ ઉમેર્યો હતો**







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપીમાં મેગા સ્ટુડન્ટ ટીચર એવોર્ડ (MSTA) 4.0 - ધ રાઈઝ નામની અનોખી વક્તૃત્વ સ્પર્ધાનો ગ્રાન્ડ ફિનાલે ૧૩ સપ્ટેમ્બરના રોજ વાપીના કનુ દેસાઈ VIA ઓડિટોરિયમ ખાતે અલ્કેમી દ્વારા મનોવિકાસ બાલભવન, ટ્વીનસિટી ક્લિનિક અને અનન્યા ફિઝિકૂલ સેન્ટરના સહયોગથી સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ મેગા ઈવેન્ટમાં ૬૦ થી વધુ શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાંથી ૨૩ અસાધારણ વિદ્યાર્થીઓ ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચ્યા હતા. ૬૦૦ થી વધુ ઉત્સાહી દર્શકો અને પ્રેક્ષકોની હાજરીએ કાર્યક્રમની શોભા વધારી હતી.

કાર્યક્રમ દરમિયાન, મનોવિકાસ બાલભવનના વિદ્યાર્થીઓએ તમામ ફાઈનલિસ્ટને ગ્રાન્ડ ફિનાલે તબક્કામાં પહોંચવા બદલ અભિનંદન અને પ્રોત્સાહિત કરવા માટે સાંકેતિક ભાષામાં એક હૃદયસ્પર્શી ખાસ પ્રસ્તુતિ આપી હતી.

ગ્રાન્ડ ફિનાલેમાં, યુવા વક્તાઓએ તેમની નોંધપાત્ર જાહેર બોલવાની કુશળતાથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ યુવા વક્તાઓએ માતાનો પ્રેમ, શિક્ષક આપણી બીજી માતા, પૃથ્વી બચાવો, અને આધુનિક વિશ્વમાં કૃત્રિમ બુદ્ધિ જેવા ગહન અને સમકાલીન વિષયો પસંદ કર્યા હતા. સહભાગીઓને ચાર અલગ અલગ જૂથોમાં વિભાજિત કરવામાં આવ્યા હતાં. દરેક જૂથમાંથી નિર્ણાયકો દ્વારા ૪ વિજેતાઓને પસંદ કરવામાં આવ્યા હતા અને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું, જ્યારે અન્ય તમામ ફાઈનલિસ્ટને તેમના પ્રશંસનીય પ્રયત્નોને પ્રોત્સાહિત કરવા માટે ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત જયશ્રી મોસેસ દ્વારા પ્રેરક વક્તવ્ય સાથે કરવામાં આવી હતી. MSTA 4.0 ના સ્થાપકો એવાં ડૉ. ચિંતન પટેલ, મિસ બુશરા નાથાની અને કુર્વિન રાવલે આ આયોજન પાછળ પોતાના મુખ્ય હેતુ અને દૃષ્ટી અંગે જણાવ્યું હતું કે, આ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તરફનું એક નાનું પગલું છે. AI અને ટેકનોલોજીના આ યુગમાં, વિદ્યાર્થીઓએ આવા કાર્યક્રમોમાં વધુ ભાગ લેવો જોઈએ, જે તેમની બુદ્ધિ અને તાર્કિક વિચારસરણી વિકસાવવામાં મદદ કરે છે.

આ કાર્યક્રમ દરમ્યાન સવિશંક ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ (શંકરભાઈ પટેલ, સવિતાબેન પટેલ, રાહુલ પટેલ અને ભૂમિ પટેલ) અને મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ (મોહન દેવ, અમૃતભાઈ સોની અને રમાકાંત યાદવ) ખાસ કરીને મહેમાન તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં અનેક શાળાઓના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. વિશેષમાં બ્રહ્માકુમારીઝના બી.કે. રશ્મિબેન, અસ્પી દમણિયા (ભૂતપૂર્વ ચાન્સેલર, દમણ) અને ડૉ. લાવણ્યા પટેલની ખાસ હાજર રહ્યા હતાં.

જયારે ડૉ. મિનાક્ષી સેઠ, અપૂર્વ પાઠક, ડૉ. અનુકુલ નિકમ, શ્વેતા ટંડેલ, કુણાલ તયાલ, ડૉ. ભરત દીક્ષિત, વિકાસ ઉપાધ્યાય અને ડૉ. જાગૃતિ પટેલ સહિત ૮ નિર્ણાયકોની એક પ્રતિષ્ઠિત પેનલ દ્વારા અંતિમ તબક્કાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને વક્તૃત્વ કૌશલ્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું, અને તેમને ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચવા બદલ અભિનંદન આપ્યા હતા અને ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના વિદ્યાર્થીઓ દ્વારા સંપૂર્ણપણે સાંકેતિક ભાષામાં રજૂ કરાયેલ રાષ્ટ્રગીત, જન ગણ મને ની રજૂઆત સાથે યાદગાર કાર્યક્રમનું સમાપન ખૂબ જ પ્રેરણાદાયક રીતે થયું.

# અંબાજીધામમાં ફણસા હાઈસ્કૂલના ગુજરાત એવોર્ડી શિક્ષકનું વિશિષ્ટ સન્માન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૫ :** ગુજરાત (રાજ્ય અને રાષ્ટ્રીય) એવોર્ડી ટીચર આયોજિત શૈક્ષણિક અધિવેશન તા. ૧૩/ ૯/ ૨૦૨૬ ના રોજ અંબાજી મુકામે યોજાયું હતું.

વર્ષ ૨૦૨૩ માં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષકોને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં. વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનાર એવોર્ડી શિક્ષકોનું પણ સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાહતાં.

ફણસા હાઈસ્કૂલ સને- ૨૦૨૩ ના એવોર્ડી શિક્ષક યોગેશ બી. મહેરને રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. ૩૫ મી મલેશિયા ઈન્ટરનેશનલ માસ્ટર એથલેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૩ માં-વિઘ્નદોડ અને લાંબીકૂદમાં બે બ્રોન્સ મેડલ મેળવીને ક્રિડાસાધના પારિતોષિક પ્રાપ્ત કરવા બદલ યોગેશભાઈની આ ઉત્તમ સિદ્ધિઓને બિરદાવામાં આવી હતી

અને તેઓને આ અધિવેશનના મુખ્ય મહેમાન ડો. એમ.આઈ. જોશી, પૂર્વ પ્રાથમિક શિક્ષણ નિયામક- ગુજરાત તેમજ અન્ય મંચસ્થ મહાનુભાવોના હસ્તે સ્મૃતિભેટ. ટ્રોફી અર્પણ કરી સાલ ઓઢાડી તેઓનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું.

આ અધિવેશનમાં ઉપસ્થિત વલસાડ જિલ્લાના એવોર્ડી શિક્ષકો ધનસુખભાઈ ટંડેલ, વસંતભાઈ ટંડેલ, અશરફભાઈ ચુડાસમા, મહેન્દ્રસિંહ પરમાર, ગણપતભાઈ પટેલ, વિક્રમસિંહ રાઠોડ વગેરે એવોર્ડી શિક્ષકોએ વલસાડ જિલ્લાના જ એક એવોર્ડી શિક્ષક (વિશિષ્ટ બહુમાનથી સન્માનિત) નું સન્માન થતાં આનંદ અને ખુશીની લાગણી અનુભવી હતી.


# સિદુમ્બરમાં ઈકો ફ્રેન્ડલી શ્રીજીની મૂર્તિનું વિતરણ કરાયુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** શ્રી ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ સિદુમ્બર પ્રકલ્પની અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે, જેમાં વ્યસન મુક્તિ, પર્યાવરણ બચાવો, ભજન કેન્દ્ર, બાળ સંસ્કાર કેન્દ્ર, પ્રાકૃતિક ખેતી, અમૃત ખાતર, પરિવાર મિલન વગેરે પ્રવૃતિઓ નિરંતર રીતે કરવામાં આવે છે. સાથે જ ચંદ્રકાન્તભાઈ સોની જેઓ મૂર્તિકાર છે, સમાજસેવાનો ભેખ ધારણ કરી સંસારથી અલિપ્ત રહ્યા છે. તેઓ ગણપતિજીની મૂર્તિ, તથા સ્વામી વિવેકાનંદ, મહાપુરુષો, વગેરે મૂર્તિઓ કલાત્મક રીતે બનાવે છે અને શાળા તેમજ છાત્રાવાસના બાળકોને શીખવે છે. આજે તેઓ ૭૮ વર્ષની વયે પણ યુવાનોને શરમાવે એવા ઉત્સાહથી કાર્ય કરી રહ્યા છે. તેઓ શાળા ઓમાં વાર્તા કહેવી, ગીતો શીખવવા વગેરે પણ કરતા રહ્યાછે. એમના માર્ગદર્શન થકી વિદ્યાર્થીઓ પણ મૂર્તિ કલા અને મૂર્તિ રંગકામ, મૂર્તિ શણગાર વગેરે ખૂબજ સરસ રીતે કરી રહ્યા છે. અહીં પર્યાવરણને ધ્યાનમાં રાખી માટી માંથી ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ તથા પીઓપી દ્વારા બનાવેલ મૂર્તિઓ ખૂબજ વાજબી ભાવે વિતરણ કરવામાં આવે છે.

# વાપી ટાઉનમાં એકતા મિત્ર મંડળ દ્વારા દ્વારકાની થીમ સાથે શ્રીજીની સ્થાપના કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી ટાઉનના મુખ્ય બજારમાં છેલ્લા ૩૫ વર્ષથી ગણેશજીની સ્થાપના કરી ગણેશોત્સવની ઉજવણી કરતું એકતા મિત્ર મંડળ આ વર્ષે પણ અનોખી થીમ સાથે ગણેશોત્સવની ઉજવણી કરવા સજ્જ બન્યું છે.

એકતા મિત્ર મંડળની સ્થાપના વર્ષ ૧૯૯૧માં કરવામાં આવી હતી. ત્યારથી મંડળ દ્વારા વાપીના મુખ્ય બજારમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. ખાસ વાત એ છે કે મંડળમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવતો નથી અને સૌને સાથે લઈને ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

છેલ્લા ત્રણ વર્ષથી મંડળ દ્વારા માત્ર ધાર્મિક ઉજવણી પૂરતી સીમિત ન રહેતા ગણેશજીની પ્રતિમાની સ્થાપના માટે વિવિધ થીમ તૈયાર કરી તેના માધ્યમથી લોકોમાં સામાજિક સંદેશ અને પર્યાવરણ જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

આ વર્ષે એકતા મિત્ર મંડળ દ્વારા 8 D ઈફેક્ટ સાથે દ્વારકાની થીમ રજૂ કરવામાં આવી છે. આ થીમમાં દ્વારકાની ભવ્યતા અને ધાર્મિક આસ્થાને વિશેષ રીતે રજૂ કરવામાં આવી છે, જે ગણેશોત્સવ દરમિયાન લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

મંડળના કાર્યકર્તાઓ દ્વારા થીમને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. ગણેશોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ થીમ નિહાળવા પહોંચે તેવી સંભાવના છે.

મંડળની સ્થાપના માટેની શ્રીજીની પ્રતિમા નુ ગત ૨૯ મી ઓગસ્ટના રોજ વાપીમાં આગમન થઈ ચૂક્યું છે.

# ખડકવાળ પ્રા.શાળામાં રક્તદાન યજ્ઞ અને ટ્રેક શૂટ અર્પણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૫ :** કપરાડા તાલુકાના ખડકવાળ ગામે પાર્થ ટ્રેડર્સ વાપી, સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈ, રોટરી વાપી રિવર સાઈડ, રેનબૉ વૉ. ધરમપુર તથા ખડકવાળ પ્રાથ. શાળાના સંયુક્ત ઉપક્રમે અત્રે પરિસરમાં રક્તદાન યજ્ઞ તથા ટ્રેક શૂટ અર્પણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટન વિધિ પાર્થ ટ્રેડર્સ વાપીના ફાઉન્ડર પાર્થિવ મહેતા, સરપંચ રસીલાબેન ફડવળ, જયેશભાઈ ગરાસિયા, કાશીરામભાઈ ધૂમ, હાર્દિકભાઈ ફડવળ, જયેન્દ્રભાઈ ગાંવિત, અક્ષય રઘુવંશી વિ. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી.

જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા સંજયભાઈ મકવાણાનું ખડકવાળ શાળા પરિવાર, રેનબૉ વૉરિઅર દ્વારા શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણ ક્ષેત્રે તેમની સેવાઓને બિરદાવી સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી. સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈના ફાઉન્ડર હિતેનભાઈ ભુતા દ્વારા ખડકવાળ પ્રા. શાળાના ૩૫૯ વિદ્યાર્થીઓને ટ્રેક શૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિશેષ સેવાકીય પહેલ બદલ શાળા પરિવાર તથા ગ્રામજનો દ્વારા તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

રક્તદાન કેમ્પમાં સેવાભાવી દાતાઓના ઉત્સાહભેર સહકારથી કુલ ૩૭ યુનિટ રક્તદાન પ્રાપ્તિ બદલ રક્તદાતાઓનું સન્માન કરી સહભાગી બનવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. રક્તદાતાઓને પાર્થ ટ્રેડર્સ, સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ, રોટરી વાપી રિવર સાઈડ, આરપી. ઈલેક્ટ્રોનિક્સ, સંજયભાઈ મકવાણા તથા રેનબૉ. ધરમપુર તરફથી પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી. અંગદાન, ચક્ષુદાન અને દેહદાન પણ માનવસેવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. યુવાનો સહિત સૌને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાવા અપીલ થઈ હતી.

આ પ્રસંગે નિમેશભાઈ ગાંવિત નાયબ ઓડિટર લોકલ ફંડ નવસારી દ્વારા સરકારના સુગમ ડીજીટલ ગુજરાત પોર્ટલ દ્વારા વિવિધ સરકારી પ્રમાણપત્રો જેવા કે, આવકનું, જાતિનું પ્રમાણપત્ર વગેરે અને રેશન કાર્ડ બનાવવા જેવા કામોની સેવા ઘરબેઠા મેળવી શકાય છે

તે સેવાઓનું નિદર્શન- સુંદર સમજ આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે ખડકવાળ પ્રાથમિક શાળાના આચાર્ય તથા શાળા પરિવારના સભ્યો, ગામના યુવાનો અગ્રણી, ભાવનાબેન, પ્રગતિબેન, ભરતભાઈ તથા કો. ઑ શંકરભાઈ પટેલ દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# ઉદવાડાના વરિષ્ઠ નાગરિક મંડળનો એક દિવસીય પ્રવાસ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૫ :** પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ વરિષ્ઠ નાગરિક મંડળ ઉદવાડા સંગઠન દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કર્યું હતું આ એક દિવસીય પ્રવાસમાં બીપીનભાઈ હસુભાઈ વસંતભાઈ ફિરીશભસી તથા મોટી સંખ્યામાં બહેનો પણ જોડાયા હતા કિશોરભાઈ ગાંધી પણ જોડાયા હતા ઉદવાડા સિનિયર સિટીઝન મંડળ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે એક દિવસના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું અધ્યક્ષ હસુભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, જેમાં એક લક્ઝરી બસ ની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં પચાસ જેટલા સિનિયર સિટીઝન સભ્યોનેઉદવાડાથી સવારે નીકળી સૌ પ્રથમ મહાલક્ષ્મી મંદિરે માના દર્શન કર્યા હતા ત્યાંથી રવાના થઈ શિરડી પાસે આવેલ ત્રાંબકેશ્વર મહાદેવના દર્શન કર્યા સુંદર આયોજનબદલ વરિષ્ઠ નાગરિક મંડળના ભાઈ બહેનોએ આભાર માન્યો હતો.

# અતુલ ફાઉન્ડેશન દ્વારા ટુકવાડા અને ભાગડાવડામાં આંગણવાડીઓનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ જિલ્લાનાં ભાગડાવડા અને ટૂકવાડા ગામ ખાતે બાળકોને સુવિધાયુક્ત અને સુરક્ષિત વાતાવરણમાં પ્રાથમિક શિક્ષણ, પોષણ અને સંભાળ મળી રહે તે હેતુથી અતુલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત આંગણવાડી કેન્દ્રનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ભાગડાવડા ગામે તીથલ રોડ પર સરકારી વસાહતમાં નવનિર્મિત બે આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલનાં શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈ, અતુલ ફાઉન્ડેશનનાં અધિકારીઓ, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ, ગામનાં સરપંચ ધર્મેશભાઈ પટેલ, ગામનાં ઉપસરપંચ, તલાટી, આંગણવાડી કાર્યકર બહેનો, વાલીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ હેતલબેન પટેલે જણાવ્યું હતું કે આંગણવાડી આપણા ગામના નાનકડા બાળકોના ભવિષ્યનું પ્રથમ પગથિયું છે. અહીં બાળક શિક્ષણની સાથે સંસ્કાર, પોષણ, સ્વચ્છતા અને જીવનના પ્રાથમિક પાઠ શીખે છે અને આગળ વધે છે.તેથી આંગણવાડીનું સુવિધાસભર અને સુરક્ષિત હોવું ખૂબ જ મહત્વનું છે. આ આંગણવાડીનું મકાન લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતું. અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈએ જણાવ્યું કે આંગણવાડી કેન્દ્ર માત્ર બાળકોના શિક્ષણ માટેનું સ્થળ નથી, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ અને આરોગ્ય માટે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નવા આંગણવાડી કેન્દ્રમાં બાળકોને જરૂરી પાયાની સુવિધાઓ તથા અભ્યાસ અને રમતગમત માટેની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ પ્રસંગે સરપંચ, આંગણવાડીની બહેનો, ગામનાં આગેવાનો તથા ગ્રામજનો દ્વારા નવનિર્મિત આંગણવાડીની ભેટ બદલ અતુલ ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સાથે જ આંગણવાડી કેન્દ્રનો યોગ્ય ઉપયોગ અને જાળવણી કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સૌ સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

# પારડીના વૈજનાથ મહાદેવ મંદિરમાં ત્રીજ ઉપવાસ વ્રતનું પૂજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૫ :** પારડી કિલ્લાની તળેટીમાં આવેલ પ્રાચીન વૈજનાથ મહાદેવ મંદિર ના પરિસરમાં ત્રીજ ઉપવાસ વ્રત નું પૂજન કરાવવામાં આવ્યું હતું વિશાળ સંખ્યામાં પારડી વિસ્તારની બહેનો માતા પાર્વતી અને મહાદેવ સાથે શ્રી ગણેશ અને લક્ષ્મી માતા વિષ્ણુ ભગવાન સહિત તમામ દેવી-દેવતાઓનું પૂજન કર્યું હતું અને દરેકના જીવનમાં સુખ શાંતિ સમૃદ્ધિ રહે અને દરેકના પરિવારજનો ખુશ રહે એવી ભગવાનને પ્રાર્થના કરી હતી મંદિરના પૂજારી સંજયભાઈ રાવલ તેઓએ વૈદિક મંત્રો ચાર સાથે વિધિવત પૂજા સામગ્રી માતા પાર્વતી અને મહાદેવને અર્પણ કરાવી હતી અને તમામ દેવી-દેવતાઓનું પૂજન કરાવ્યું હતું ગણેશ ભગવાન દરેકના જીવનમાં સુખ શાંતિ સમૃદ્ધિ અને લાંબુ આયુષ્ય આપે એવા આશીર્વાદ તેઓએ બહેનોને આપ્યા હતા.

# પારડીની કંપનીમાંથી સાપનું રેસ્કયુ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૫ :** જીવદયા ગ્રુપ કિલ્લા પારડી ને પારડી GIDC માં આવેલી જહાન્વી પોલિમર નામ ની કંપની થી કોલ આવ્યો હતો કે ત્યાં વર્કર લોક ના જૂના બંદ પડેલા રૂમ માં એક સાપ આવી ગયો છે ત્યારબાદ જીવદયા ગ્રુપ ના પ્રમુખ અલી અન્સારીના માર્ગદર્શન હેઠળ સભ્યો યાસીન મુલતાની અને રીશી રિશી ઠાકુર ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ત્યાં ખબર પડી કે ત્યાં એક ઈન્ડિયન કોબ્રા સાપ નું રેસ્ક્યુ કરી લીધું હતું સાપ ને જંગલ વિસ્તાર માં મુક્ત કરવામા આવ્યું હતું.


દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com


# વાપી મોટી સુલપડ 'ચાલી ચા રાજા મંડળ' દ્વારા દરરોજ મહાપ્રસાદનું આયોજન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી મહાનગરપાલિકા વોર્ડ નં.૧૧ ના મોટી સુલપાડ ચાલી ચા રાજા ગણેશ મંડળ દ્વારા ભક્તો માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

મંડળ દ્વારા દરરોજ સાંજે ૮ વાગ્યે મહાપ્રસાદનું આયોજન રાખવામાં આવ્યું છે. આ સાથે દરરોજ સાંજે ભજન-કીર્તન અને આરતીનું પણ ભવ્ય આયોજન કરવામાં આવશે, જેમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાશે.

આ મહાપ્રસાદનું આયોજન વાપી મહાનગરપાલિકા વોર્ડ નં.૧૧ ના જેતલ મંગેશભાઈ પટેલ તથા માજી કોર્પોરેટર મંગેશભાઈ ગુલાબભાઈ પટેલ તરફથી કરવામાં આવ્યું છે.

આયોજકો દ્વારા ખાસ નોંધ આપવામાં આવી છે

કે કોઈએ ઘરે અલગથી રસોઈ બનાવવી નહીં, તમામ પરિવારના ભાઈ-બહેનોએ મહાપ્રસાદનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ગણેશોત્સવ

દરમિયાન ભક્તિભર્યા માહોલમાં ભજન-કીર્તન સાથે ઉત્સવ ઉજવાશે.

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત

# આર.કે. સ્ટુડિયોના ગણપતિ ઉત્સવનો પણ એક જમાનો હતો

## અભિનેતા રાજ કપૂરના નિધન પછી, આરકે સ્ટુડિયોમાં ગણેશ ચતુર્થીની ઉજવણી બંધ થઈ ગઈ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૫ :** એક સમય હતો જ્યારે આરકે સ્ટુડિયો ફક્ત ફિલ્મ શૂટિંગ માટે જ નહીં, પણ હોળી અને દિવાળીની ઉજવણી તેમજ ગણપતિ બાપ્પાની ભક્તિ માટે પણ જાણીતો હતો. ગણેશ ચતુર્થીના દિવસે ધૂમ મચતી હતી. ફિલ્મજગતની મોટી હસ્તીઓ કપૂર પરિવારની પરંપરામાં જોડાતી હતી. સમયનાં વહેણની સાથે કપૂર પરિવારનો જલવો હવે રહ્યો નથી. રાજ કપૂરના યુગની આ ખાસ પરંપરા ધીમે ધીમે ઈતિહાસ બની ગઈછે. કરિશ્મા




કપૂરે તેના દાદાના યુગની એક યાદ શેર કરી છે. આરકે સ્ટુડિયોમાં ગણેશ ઉત્સવ બંધ થઈ જવાનો વસવસો વ્યક્ત કરતાં કરિશ્મા કપૂરે ડાન્સ રિયાલિટી શો "ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર સીઝન ૫" માં આ જૂની પરિવારની પરંપરાને યાદ કરી હતી.કરિશ્માએ કહ્યું હતું કે તેના દાદા, સુપ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા રાજ કપૂરના સમયમાં, આરકે સ્ટુડિયોમાં ગણેશ ચતુર્થીની ઉજવણી ખૂબ જ ખાસ રીતે કરવામાં આવતી હતી. સમગ્ર સ્ટુડિયો સ્ટાફ અને આસપાસના વિસ્તારના લોકોએ પણ આ ઉજવણીમાં ભાગ લેતા. તેમાં મોટી સંખ્યામાં લોકોની લાગણીઓ પણ સામેલ હતી.રાજ કપૂરના નિધન પછી, આરકે સ્ટુડિયોમાં આ ગણેશ ચતુર્થીની ઉજવણી બંધ થઈ ગઈ. સ્ટુડિયોમાં જૂની પરંપરા હવે અસ્તિત્વમાં નથી, પરંતુ કપૂર પરિવારે તેમના ઘરોમાં ગણેશ ઉત્સવ જીવંત રાખ્યો છે. કરિશ્માએ કહ્યું કે ગણેશ ચતુર્થી હજુ પણ કપૂર પરિવાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. .

# 'હનુમાન અંશ' ફિલ્મે વિદેશોમાંથી ૯.૫૦ કરોડની કમાણી કરી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૫ :** 'હનુમાન અંશ' આજકાલ સૌથી વધુ ચર્ચામાં રહેલી ફિલ્મોમાંની એક છે, અને તમને જાણીને આશ્ચર્ય થશે કે તેના નિર્માતા ફક્ત ૨૧ વર્ષના છે. નિર્માતા અનુપ્રિયા નાગરે તાજેતરમાં જ ફિલ્મ પાછળની પ્રેરણાનો ખુલાસો કર્યો છે.નીમ કરોલીબાબા પર આધારિત ફિલ્મ 'હનુમાન અંશ' હાલમાં ચર્ચાનો વિષય છે. આ ફક્ત એટલા માટે નથી કારણ કે તે દેશ અને દુનિયામાં આદરણીય અને જાણીતા સંતના જીવન પર આધારિત છે, એ સાથે તેની રિલીઝ પછીની તેની અસાધારણ સફરને કારણે પણ છે. ૨ કરોડથી ઓછા બજેટમાં બનેલી આ ફિલ્મ હવે ૧૦૦ કરોડનો આંકડો વટાવી




ગઈ છે, જેના કારણે તેનું થિયેટર રન ખૂબ જ ખાસ બની ગયું છે. ઉપરોક્ત આંકડો પ્રતિસપ્તાહ વધતો જઈ રહ્યો છે.હનુમાન અંશ ફિલ્મનું નેટ કલેક્શન ૧૯૨.૧૩ કરોડ સુધી પહોંચી ગયું છે, જ્યારે તેનું ગ્રોસ કલેક્શન ૨૨૭ કરોડ સુધી પહોંચી ગયું છે. આ ફિલ્મે વિદેશોમાંથી ૯.૫૦ કરોડની કમાણી કરી છે. તેનું વિશ્વવ્યાપી કલેક્શન ૨૨૩૬.૫૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આ ફિલ્મના નિર્માણ પાછળની રસપ્રદ વાત એ છે કે ફિલ્મની નિર્માત્રી ૨૧ વર્ષીય અનુપ્રિયા નાગર છે. યુકેમાં અર્થશાસ્ત્રની ડિગ્રી મેળવી રહી હતી ત્યારે કંઈક એવું બન્યું જેના કારણે તે ભારત પાછી ફરી અને આખરે ફિલ્મના દિગ્દર્શક વિશાલ ચતુર્વેદીને મળી અને પછી તેની સફર એવી જગ્યાએથી શરૂ થઈ જેની કોઈને અપેક્ષા નહોતી. અર્થશાસ્ત્રમાં ડિગ્રી હોવા ઉપરાંત, અનુપ્રિયા એક કલાકાર પણ છે. તે એક કલા સંગ્રહક પરિવારમાંથી આવે છે. એશિયન કમ્યુનિટીમાં જોડાઓ અનુપ્રિયાએ કહ્યું, "મારા કોલેજના છેલ્લા વર્ષમાં, હું વિવિધ ટેક કંપનીઓ પર સંશોધન કરી રહી હતી. હું એપલ અને મેટાવર્સ ના સ્થાપકો ને તેમના વિચારો ક્યાંથી મળ્યા તે શોધવાનો પ્રયાસ કરી રહી હતી. એક લેખ વાંચતી વખતે, મને ખબર પડી કે નીમ કરોલી બાબાથી સ્ટીવ જોબ્સ પ્રભાવિત થયા હતા. ઉત્તરા ખંડના કૈંચી ધામમાં જ તેમને વિચાર આવ્યો હતો કે વિશ્વનું પ્રથમ રંગીન કમ્પ્યુટર બનાવવું.

# આબરૂના સુખ જેવું બીજું કોઈ સુખ નથી

**(ગતાંકથી શરુ)**

મોટા ભાગે આવો પણ પલાયનવાદી અધ્યાત્મ અહીં ચાલે છે.

જવાબદારીની સાથે થોડુંક ટૅન્શન રહેતું જ હોય છે. બેજવાબદાર માણસને કશું ટૅન્શન ન હોય. પણ તેવું જીવન એ જીવન જ નથી, તે મડદાજીવન છે. જેમજેમ જવાબદારી મોટી તેમ તેમ ટૅન્શન પણ મોટું. પણ તેવા ટૅન્શનને સ્વીકારવું તથા સહન કરવું એ જ મહાપુરુષતા છે. એ મડદાજીવન નહિ પણ મરદજીવન છે. ઈચ્છાના ચાર પ્રકાર છે : ૧. પાપેચ્છા, ૨. કર્તવ્યેચ્છા, ૩. શુભેચ્છા અને ૪. મહેચ્છા. ૨૨. બીજાને હાનિ પહોંચાડવાની ઈચ્છા એ પાપેચ્છા છે. પોતાની જવાબદારીઓ પૂરી કરવાની ઈચ્છાને કર્તવ્યેચ્છા કહેવાય છે. આવી ઈચ્છા થવી જ જોઈએ. સારા-સારાં પુણ્ય કાર્યો કરવાની ઈચ્છા જ શુભેચ્છા કહેવાય છે. આવી ઈચ્છા પણ થવી જોઈએ. આવી ઈચ્છાથી વ્યક્તિ પુણ્યાત્મા બની પવિત્ર બનતી હોય છે. આવી ઈચ્છા જરૂર થવી જોઈએ. તેનો ત્યાગ ન હોય. મહાન કાર્યો કરવાની ઈચ્છાને મહેચ્છા અથવા મહત્ત્વાકાંક્ષા કહેવાય છે. આવી ઈચ્છા સૌને થતી નથી. પણ જેને થાય છે. તે મહેચ્છા પ્રમાણે મહાન કાર્યોમાં જોતરાય છે. ત્યારે તેની શક્તિઓ ખીલી ઊઠે છે. તેથી તે પોતે પોતાનાં ક્ષેત્રોમાં મહાન કાર્યો કરતો થઈ જાય છે. તે જ સાચો મહાપુરુષ છે. વ્યક્તિની મહેચ્છાને સમર્થન આપનારી પ્રજા તથા રાષ્ટ્ર પણ મહાન બને છે. અને તેને અવરોધનારા કનિષ્ઠ બને છે. પાપેચ્છા કે હીનેચ્છા ન કરવી જોઈએ. પણ બાકીની ત્રણ તો જરૂર કરાય. ઈચ્છામાત્રનો ત્યાગ નહિ. હીનેચ્છાનો ત્યાગ જ કરાય. બાકીની ઈચ્છાઓ તો કેમ વધે તેવી પ્રાર્થના કરાય. યા દેવી સર્વ ભૂતેષુ ઈચ્છારૂપેણ સંસ્થિતા, નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ, નમસ્તસ્મૈ નમોનમા તન્મે મનઃ શિવ સંકલ્પમસ્તુ. આનો ભદ્રાઃ ક્રતવો યન્તુ.

આ ત્રણેમાં ઈચ્છાને—શુભેચ્છાને આવકારી છે.

જે લોકો બહુ મોટી જવાબદારીઓભર્યું જીવન જીવતા હોય છે, જે લોકોના સળગતા પ્રશ્નો ઉકેલાયા નથી હોતા, જે આબરૂદાર હોય છે. તેમને થોડું-ઘણું ટેન્શન રહેતું જ હોય છે. જીવન માટે ટૅન્શન જરૂરી પણ છે.

જે બેજવાબદારીભર્યું જીવન જીવતા હોય, જેના કોઈ પ્રશ્નો જ ન હોય અને જે આબરૂદાર ન હોય તેને ટૅન્શન ન હોય.

દુઃખ અને ટેન્શન અલગ—અલગ વસ્તુ છે. દુઃખની સાથે શાંતિ રહી શકે છે. જો સમજણ અને સહનશક્તિ હોય તોપણ ટૅન્શન અને શાંતિ એકસાથે રહી શકે નહિ.

ભૂખ્યો માણસ ભૂખના દુઃખે દુઃખી છે. પણ સમજણ અને સહનશક્તિ હોય તો શાંત રહી શકે છે. પણ ટેન્શનવાળો માણસ ઊંઘી શકતો નથી. કારણ કે અશાંતિ તેને ઊંઘવા દેતી નથી.

ધ્યાન ધરવાથી કે બીજા ઉપાયો કરવાથી ટેન્શનમુક્તિ થતી નથી. કદાચ થોડો સમય હળવાશ રહે. ખરેખર તો ટૅન્શન અને ધ્યાન સાથે ન રહે. ટૅન્શનમાં ધ્યાન ન થઈ શકે. શાંત માણસ જ ધ્યાન કરી શકે.

જેણે ઘણી મોટી જવાબદારીઓ સ્વીકારી હોય તેનામાં તેટલું જ મોટું ટેન્શન સહન કરવાની ક્ષમતા પણ હોવી જોઈએ. અન્યથા તેણે તેવી મોટી જવાબદારી સ્વીકારવી ન જોઈએ.

મોટું ટૅન્શન સહી લેનાર મહાપુરુષ જ હોય. કારણ કે તે મોટાં કાર્યો કરે છે. ટૅન્શનથી ભાગનાર જવાબદારીઓથી ભાગે છે. તે મહાન ન હોય. પ્રશ્નો ઉકેલ્યા વિના શાંતિ ન મળે. પ્રશ્નો ઉકેલવા એ જ ખરી સાધના છે. પ્રશ્નોથી ભાગીને કે પ્રશ્નોને દાટીને શાંતિ ન પમાય. પ્રશ્નો ઉકેલીને જ શાંતિ પમાય. જે પોતાના -ો ઉકેલે છે તે માનવ છે. પણ જે બીજાના પ્રશ્નો ઉકેલે છે તે મહામાનવ છે. તે જ સંત છે. તે જ મહાત્મા છે. જે અનાવશ્યક પ્રશ્નો ઊભા કરે છે તે ખટપટિયા માણસો છે. તે અશાંતિ ઉત્પન્ન કરે છે. તેમને દૂર કરો કે દૂર રહો. જવાબદારી અને કર્તવ્ય એક જ છે. તેનો ત્યાગ ન હોય. કદાચ કોઈ કરે તો તે પલાયનવાદ છે. તે વૈરાગ્ય નથી, વિષાદ છે. મિથિલાનગરીમાં આગ લાગી હોય ત્યારે હજાર કામો પડતાં મૂકીને તેને ઓલવવા મંડી પડવું એ રાજકર્તવ્ય છે. પણ મિથિલા બળતી હોય તો બળે. મારું કશું બળતું નથી તેમ કહીને બેસી રહેવું તે કર્તવ્યત્યાગ કહેવાય. અધ્યાત્મ ન કહેવાય. પલાયનવાદ કહેવાય. ગમે તેટલો તીવ્ર વૈરાગ્ય હોય તોપણ સુશીલ પત્ની અને બાળકોનો ત્યાગ ન કરાય. આ કર્તવ્યભ્રષ્ટતા જ કહેવાય. પત્નીત્યાગ કે કર્તવ્યત્યાગને આદર્શ ન બનાવાય. તેથી પ્રજા ગુમરાહ થઈ જાય. સૌથી દુર્લભ પ્રાપ્તિ એ આબરૂની પ્રાપ્તિ છે. આબરૂના સુખ જેવું બીજું કોઈ સુખ નથી. અને આબરૂના જવા જેવું કોઈ દુઃખ નથી. આબરૂ ગયા પછી તેની મહત્તા સમજાય છે. આબરૂદારને ટેન્શન હોય જ. તેના માટે સૌથી મોટું ટેન્શન કલંક લાગવાનું હોય છે. દુર્જનો કલંક લગાડ્યા વિના રહેતા નથી. આબરૂદાર માણસોએ દુર્જનોથી ડરીને જીવવું. તેમને શત્રુ બનાવવા નહિ. શાંતિ માટે શાંતિશિબિરો ભરવી નહિ. શાંતિશિબિર-સંચાલકોને જ શાંતિ નથી હોતી. શિબિરો ભરવાથી શાંતિ નથી મળતી. પ્રશ્નો ઉકેલવાથી શાંતિ મળે છે. અશાંતિ સાથે જીવવાની હિંમત કેળવવી જરૂરી છે. જો તમારી અશાંતિ બીજાને શાંતિ પમાડતી હોય તો તે સાચી તપસ્યા કહેવાય. એક પોલીસ અમલદાર આખી રાત જાગીને ચોર-ડાકુઓથી પ્રજાનું રક્ષણ કરે છે. તેને ઉજાગરાની અશાંતિ થાય છે. પણ તેની અશાંતિના કારણે પૂરી પ્રજા શાંતિથી ઘસઘસાટ ઊંઘે છે. પોલીસ અમલદાર શાંતિ પમાડે છે. આ તેની તપસ્યા કહેવાય. એક માતા પોતાના બાળકના ઉછેર પાછળ ઘણી અશાંતિ ભોગવે છે. આવી અશાંતિ પણ તપસ્યા છે. તેનો ત્યાગ ન કરાય. માત્ર શાંતિ ચાહનારા અન્યાય સામે ઝઝૂમવાની શક્તિ ખોઈ બેસતા હોય છે. અન્યાય સામે ઝઝૂમવાની શક્તિ ખોઈ બેસનારને સંત ન કહેવાય. નમાલા કહેવાય. આપણે સાધુ-સંત અને નમાલા વચ્ચેનો ભેદ સમજતા નથી. મને શાંતિ મળે કે ન મળે. હું સુખી થાઉં કે ન થાઉં પણ મારે લોકોને, રાષ્ટ્રને, વિશ્વને શાંતિ પમાડવી છે. સુખી કરવાં છે. આવી ભાવના રાખનાર સંત કહેવાય.

**(વધુ આવતા અંકે)**

**વાસ્તવિકતા**



**સ્વામી સચ્ચિદાનંદ**

# વિઘ્નહર્તા શ્રી ગણેશના આઠ અવતારોની ધાર્મિક અને આધ્યાત્મિક પૃષ્ઠભૂમિ શું છે ?



**સ**નાતન ધર્મમાં ભગવાન શ્રી ગણેશજીને સર્વપ્રથમ પૂજનીય, વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને મંગલમૂર્તિ તરીકે સ્થાન પ્રાપ્ત છે. મોટાભાગે સંસાર ભગવાન ગણેશજીના બાળરૂપ, એકદંત સ્વરૂપ અથવા ગજાનન રૂપની જ પૂજા-અર્ચના કરે છે પરંતુ પૌરાણિક સાહિત્યમાં વિશેષ કરીને 'મુદ્ગલ પુરાણ' અને 'ગણેશ પુરાણ'માં ભગવાન શ્રી ગણેશના વિવિધ યુગોમાં થયેલા મુખ્ય આઠ અવતારોનું અત્યંત ગંભીર અને શાસ્ત્રોક્ત વર્ણન પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રો અનુસાર આ આઠ અવતારો માત્ર પૌરાણિક કથાના પાત્રો નથી પરંતુ માનવ મન તથા આ સંસારમાં વ્યાપેલી આઠ મુખ્ય આસુરી વૃત્તિઓ મત્સર, મદ, મોહ, લોભ, ક્રોધ, કામ, મમતા અને અહંકારનો નાશ કરી માનવજાતને મુક્તિ અને સાચી સદ્બુદ્ધિનો માર્ગ બતાવવા માટે પ્રગટ થયા હતા.

### વક્રતુંડ અવતાર

મત્સરાસુરનો સંહાર, દિવ્ય સ્વરૂપ વાંકી સૂંઢ ધરાવતું બ્રહ્મ સ્વરૂપ, દિવ્ય વાહન : સિંહ, સંહારિત અસુર મત્સરાસુર-ઈર્ષ્યા અને દ્વેષનો દાનવ. બીજાની પ્રગતિ જોઈને થતી ઈર્ષ્યાનો નાશ..

મુદ્ગલ પુરાણ અનુસાર એક સમયે દૈત્યરાજ શુક્રાચાર્યની તપસ્યાથી પ્રસન્ન થઈને તેમને સમસ્ત લોક પર વિજય પ્રાપ્ત કરવાનું વરદાન મળ્યું. આ વરદાનના પ્રભાવથી તેમની અંદર રહેલી ઈર્ષ્યા ભાવનામાંથી 'મત્સરાસુર' નામના મહાબલી રાક્ષસનો જન્મ થયો. મત્સરાસુરે ત્રણેય લોક પર કબજો કરી લીધો અને દેવતાઓ, ઋષિમુનિઓ તથા સજ્જનોને પીડિત કરવા લાગ્યો. દ્વેષ અને ઈર્ષ્યાના અગ્નિમાં બળતા સૃષ્ટિના જીવોનું રક્ષણ કરવા દેવોએ ભગવાન ગણપતિની કઠોર આરાધના કરી ત્યારે ભગવાન શ્રી ગણેશ 'વક્રતુંડ' (વાંકી સૂંઢવાળા) રૂપે સિંહ પર વિરાજમાન થઈને પ્રગટ થયા.ભગવાન વક્રતુંડે પોતાની પ્રચંડ શક્તિ વડે મત્સરાસુરનો પરાજય કર્યો. મત્સરાસુરે પોતાના ગર્વનો ત્યાગ કરી ભગવાનના શરણે સ્વીકાર કર્યો. ભગવાન વક્રતુંડ સગુણ બ્રહ્મના પ્રતીક છે. આ અવતાર આપણને શીખવે છે કે બીજાની ઉન્નતિ જોઈને બળતરા-ઈર્ષ્યા કરવાની વૃત્તિ જ મત્સરાસુર છે,જેને કેવળ ભગવાન વક્રતુંડની સદબુદ્ધિ જ નષ્ટ કરી શકે છે.

### એકદંત અવતાર

મદાસુરનો નાશ, દિવ્ય સ્વરૂપ એક દંત-દાંત ધારણ કરેલું દિવ્ય સ્વરૂપ, દિવ્ય વાહન મૂષક-ઉંદર, સંહારિત અસુર : મદાસુર-અહંકાર, મદ અને ઝૂનૂનનો દાનવ.

જ્યારે મહર્ષિ ચ્યવન અને આસુરી વૃત્તિઓના સંયોજનથી 'મદાસુર' નામના અસુરનો જન્મ થયો ત્યારે તેણે શુક્રાચાર્ય પાસે દીક્ષા લઈને તપસ્યા કરી અને સંપૂર્ણ બ્રહ્માંડ પર પોતાનું રાજ્ય સ્થાપિત કરી લીધું. મદાસુર એટલે કે પોતાનું ધન, રૂપ, બળ અને સત્તાનું અહંકારી ઝૂનૂન. મદાસુરના અત્યાચારથી સૃષ્ટિમાં ધર્મનો નાશ થવા લાગ્યો. આ સમયે દેવોની પ્રાર્થનાથી પ્રસન્ન થઈને પરબ્રહ્મ ગણેશજીએ 'એકદંત' અવતાર ધારણ કર્યો. એકદંત ભગવાન મૂષક પર સવાર થઈ દિવ્ય પરશુ અને પાશ સાથે યુદ્ધભૂમિમાં આવ્યા. એકદંતના તેજસ્વી સ્વરૂપને જોઈને જ મદાસુરનો અહંકાર ક્ષીણ થઈ ગયો અને તેણે ભગવાનના ચરણોમાં શરણાગતિ સ્વીકારી લીધી.એકદંત અવતાર આત્મ-તત્વનું પ્રતીક છે, જે સાધકના હૃદયમાંથી મિથ્યા ગર્વ અને અહંકાર-મદનો નાશ કરીને વિનમ્રતા બક્ષે છે.

### મહોદર અવતાર

મોહાસુરનો પરાજય, દિવ્ય સ્વરૂપ વિશાળ અને મોટું પેટ ધરાવતું સ્વરૂપ, દિવ્ય વાહન મૂષક-ઉંદર. સંહારિત અસુર મોહાસુર-અજ્ઞાન અને માયાના મોહનો અસુર.

ભગવાન શિવે જ્યારે જલંધર નામના રાક્ષસનો વધ કર્યો ત્યારે તેના વિનાશ પછી અજ્ઞાન અને અંધકારમાંથી 'મોહાસુર' નામના દાનવનો જન્મ થયો. મોહાસુરે શુક્રાચાર્યની આજ્ઞાથી સૂર્યદેવની ઉપાસના કરી અને સમસ્ત ત્રિલોક પર અજ્ઞાન તથા અંધકારનું સામ્રાજ્ય સ્થાપિત કર્યું. મોહાસુરના કારણે જીવો સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ ભૂલી ગયા અને સંસારના ભૌતિક ભોગ-વિલાસના મોહમાં અંધ બની ગયા. સંસારને મોહના બંધનમાંથી મુક્ત કરવા ભગવાન ગણેશ 'મહોદર' અવતારમાં પ્રગટ થયા. મહોદરનો અર્થ થાય છે. જેમનું પેટ અત્યંત વિશાળ છે અને જેમાં આખું બ્રહ્માંડ સમાયેલું છે.જ્યારે મહોદર પ્રગટ થયા ત્યારે મોહાસુરે તેમના વિરાટ સ્વરૂપના દર્શન કરી યુદ્ધ કર્યા વિના જ શરણાગતિ સ્વીકારી લીધી.આ અવતાર દર્શાવે છે કે જ્ઞાનરૂપી મહોદર જ જીવને સંસારના મોહ અને ભ્રમમાંથી મુક્તિ અપાવી શકે છે.

### ગજાનન અવતાર

લોભાસુરનો અંત, દિવ્ય સ્વરૂપ હાથીનું મુખ ધરાવતું મંગલકારી સ્વરૂપ, દિવ્ય વાહન મૂષક-ઉંદર.સંહારિત અસુર લોભાસુર-અતિશય લોભ અને તૃષ્ણાનો રાક્ષસ.

ભગવાન કુબેરના મનમાં જ્યારે ધન અને સમૃદ્ધિનું અભિમાન જાગ્યું ત્યારે તેમના તેજમાંથી 'લોભાસુર' નામના રાક્ષસનો જન્મ થયો. લોભાસુરે શુક્રાચાર્યના આદેશથી ભગવાન શિવની તપસ્યા કરી અભયતાનું વરદાન પ્રાપ્ત કર્યું અને સ્વર્ગ સહિત ત્રણેય લોક પર પોતાનો અધિકાર જમાવી લીધો. સંસારમાં રહેલા જીવોમાં અસીમ તૃષ્ણા અને ધનની ભૂખ વધવા લાગી જેના કારણે પાપ-કર્મો વધ્યા.

લોભાસુરનો વિનાશ કરવા ભગવાન ગણેશજીએ 'ગજાનન' સ્વરૂપ ધારણ કર્યું. ગજ એટલે કે હાથી, જે અગાધ બુદ્ધિ અને ગંભીરતાનું પ્રતીક છે. ગજાનન સ્વરૂપે પોતાની અગાધ વિવેકબુદ્ધિથી લોભાસુરનો સદંતર પરાજય કર્યો અને તેને પાતાળમાં મોકલી દીધો.ગજાનન અવતાર માનવ મનને સંતોષ,ઉદારતા અને સન્માર્ગ તરફ વાળવાની પ્રેરણા આપે છે.

### લંબોદર અવતાર

ક્રોધાસુરનો સંહાર, દિવ્ય સ્વરૂપ બ્રહ્માંડને પોતાના ઉદરમાં સમાવી શકે તેવું સ્વરૂપ,દિવ્ય વાહન મૂષક-ઉંદર. સંહારિત અસુર ક્રોધાસુર-અનિયંત્રિત ક્રોધ અને ગુસ્સાનો અસુર.

સમુદ્રમંથન સમયે જ્યારે ભગવાન વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધારણ કર્યું હતું ત્યારે ભગવાન શિવનું તેજ સ્ખલિત થતાં તેમાંથી 'ક્રોધાસુર' નામના પ્રચંડ અસુરનો ઉત્સર્જન થયો. ક્રોધાસુરે સૂર્યદેવની ઘોર તપસ્યા કરીને સમગ્ર સૃષ્ટિને પોતાના ક્રોધની જ્વાળાઓમાં હોમી દીધી. ક્રોધના કારણે દેવો, ઋષિઓ અને જીવો વચ્ચે પરસ્પર હિંસા અને અશાંતિ વ્યાપી ગઈ ત્યારે ભગવાન ગણપતિએ 'લંબોદર' અવતાર ધારણ કર્યો.લંબોદર એટલે કે જેઓ સંસારની તમામ નિંદા, કલેશ અને ક્રોધને પોતાના ઉદરમાં પચાવી શકે છે. લંબોદર ભગવાને પોતાના શાંત અને પ્રચંડ પ્રભાવ વડે ક્રોધાસુરને યુદ્ધમાં પરાજિત કર્યો.ક્રોધાસુરે શાંત થઈને ગણેશજીના ચરણ પકડ્યા. આ અવતાર આપણને શીખવે છે કે ક્રોધ એ માનવ બુદ્ધિનો સૌથી મોટો શત્રુ છે અને ધૈર્ય તથા ક્ષમારૂપી લંબોદર તત્વથી જ ક્રોધ પર વિજય મેળવી શકાય છે.

### વિકટ અવતાર

કામસુરનો પરાજય,દિવ્ય સ્વરૂપ વિકરાળ, અત્યંત તેજસ્વી અને દિવ્ય સ્વરૂપ, દિવ્ય વાહન મયૂર-મોર.સંહારિત અસુર કામસુર-અનિયંત્રિત કામના,વાસના અને ઈચ્છાઓનો દાનવ.

ભગવાન વિષ્ણુની યોગમાયાના પ્રભાવથી પૃથ્વી પર 'કામસુર' કામના અને વાસનાનો રાક્ષસ ઉત્પન્ન થયો.કામસુરે શુક્રાચાર્યના આશીર્વાદથી સમગ્ર બ્રહ્માંડ પર વાસના અને અશુદ્ધ કામનાઓનો પ્રભાવ ફેલાવી દીધો.સંસારના તમામ જીવો પોતાના આત્મ-કલ્યાણને ભૂલીને કેવળ કામભોગ અને શારીરિક સુખોના દાસ બની ગયા.

આ અધર્મમાંથી જગતને ઉગારવા ભગવાન ગણેશજીએ 'વિકટ' સ્વરૂપ ધારણ કર્યું. આ અવતારમાં ભગવાન ગણેશજી સુંદર મયૂર-મોર પર સવાર થઈને આવ્યા હતા,તેમણે પોતાના શક્તિશાળી શસ્ત્રો વડે કામસુર અને તેની સેનાનો સંહાર કર્યો. વિકટ અવતાર મનુષ્યના ચિત્તમાંથી અશુદ્ધ કામનાઓનો નાશ કરી પવિત્રતા, બ્રહ્મચર્ય અને સંયમ પ્રદાન કરે છે.

### વિઘ્નરાજ અવતાર

મમાસુર/મમતાસુરનો નાશ,દિવ્ય સ્વરૂપ તમામ વિઘ્નોના સર્વોચ્ચ સ્વામી. દિવ્ય વાહન શેષનાગ..સંહારિત અસુર મમાસુર અથવા મમતાસુર-અત્યાધિક આસક્તિ અને 'મારૂં-તારૂં' ની ક્ષુદ્ર મમતા.

જ્યારે માતા પાર્વતીજીની સખીઓના હાસ્યમાંથી 'મમાસુર' મમતા અને આસક્તિનો દાનવ ઉત્પન્ન થયો ત્યારે તેણે શિવજીની આરાધના કરીને સર્વશક્તિમાન બનવાનું વરદાન મેળવ્યું.મમાસુરે સંસારમાં વ્યામોહ અને 'મારૂં-તારૂં'ની ક્ષુદ્ર મમતા ફેલાવી દીધી. માનવીઓ પુત્ર, સ્ત્રી, ધન અને ભૌતિક સંપત્તિની મમતામાં એવા અંધ બની ગયા કે તેઓ ભગવાન અને ધર્મને વિસરી ગયા ત્યારે સર્વ દેવોની પ્રાર્થના પર ભગવાન ગણેશ 'વિઘ્નરાજ' વિઘ્નેશ અવતારમાં પ્રગટ થયા. આ અવતારમાં તેમનું વાહન પ્રચંડ સર્પ 'શેષનાગ' હતું. ભગવાન વિઘ્નરાજે મમાસુરને યુદ્ધમાં અસહાય કરી દીધો અને તેને આસક્તિનો ત્યાગ કરવા મજબૂર કર્યો.આ અવતાર ભક્તના જીવનમાંથી ભૌતિક અને આધ્યાત્મિક તમામ વિઘ્નો દૂર કરી મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરે છે.

### ધૂમ્રવર્ણ અવતાર

અહંકારાસુરનો સંહાર, દિવ્ય સ્વરૂપ ધુમાડા જેવા ધૂસર (ગ્રે) વર્ણવાળું સ્વરૂપ, દિવ્ય વાહન નીલો અશ્વ, સંહારિત અસુર અહંકારાસુર / અભિમાનાસુર-ગર્વ અને દંભનો દાનવ.

એકવાર મહર્ષિ સૂર્યના શ્વાસોચ્છવાસમાંથી 'અહંકારાસુર' દંભ અને મિથ્યા અભિમાનનો રાક્ષસ ઉત્પન્ન થયો,તેણે શુક્રાચાર્ય પાસેથી આસુરી દીક્ષા લઈ બ્રહ્માંડમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું.અહંકારાસુરે દેવોના યજ્ઞ-યજ્ઞાદિ બંધ કરાવી દીધા અને સ્વયંની પૂજા કરવાનો આદેશ આપ્યો. સૃષ્ટિમાંથી ધર્મ અને ભક્તિનો નાશ થતાં જ ભગવાન 'ગણેશ ધૂમ્રવર્ણ' ધુમાડા જેવા રંગવાળા સ્વરૂપે નીલા રંગના તેજસ્વી ઘોડા પર સવાર થઈને પ્રગટ થયા. ધૂમ્રવર્ણ ભગવાને પોતાના મુખમાંથી પ્રચંડ અગ્નિ અને ધુમાડો ઉત્પન્ન કરી અહંકારાસુરની આસુરી સેનાનો સંહાર કર્યો. અહંકારાસુરે પોતાના અહંકારનો ત્યાગ કરી ભગવાનના ચરણોમાં ક્ષમા માગી.વિશેષ કરીને કલિયુગમાં વ્યાપ્ત મિથ્યા આડંબર અને ગર્વનો નાશ કરવા માટે ધૂમ્રવર્ણ અવતારની પૂજા અત્યંત શ્રેષ્ઠ માનવામાં આવે છે.

**અષ્ટ અવતારોનો આધ્યાત્મિક અને વ્યવહારિક ઉપસંહાર..**

મુદ્ગલ પુરાણમાંથી લીધેલ આ લેખ આપણને એ ગહન આધ્યાત્મિક સત્ય તરફ દોરી જાય છે કે ભગવાન શ્રી ગણેશ માત્ર વિઘ્નો દૂર કરનારા દેવ નથી પરંતુ તે મનુષ્યના અંતઃકરણના દોષોને દૂર કરનારા પરમ ચૈતન્ય સ્વરૂપ છે. માનવ મનમાં રોજેરોજ આ આઠ આસુરી રાક્ષસો ઈર્ષ્યા, મદ, મોહ, લોભ, ક્રોધ, કામ, મમતા અને અહંકાર જન્મ લે છે જે મનુષ્યની શાંતિ,સુખ અને બુદ્ધિનો નાશ કરે છે.જ્યારે સાધક ભગવાન શ્રી ગણેશના આ અષ્ટ અવતારોનું નિત્ય સ્મરણ અને ધ્યાનાભ્યાસ કરે છે ત્યારે ગણપતિજી તેની અંદર રહેલા આઠેય આસુરી દોષોનો સંહાર કરી ચિત્તમાં સદબુદ્ધિ,પવિત્રતા,સંતોષ અને પરમ શાંતિની સ્થાપના કરે છે. આથી જ ગણેશ પૂજન એ કેવળ બાહ્ય વિધિ-વિધાન નથી પરંતુ આંતરિક દોષોથી મુક્ત થઈને પરબ્રહ્મમાં લીન થવાની પવિત્ર આધ્યાત્મિક યાત્રા છે.

**- વિનોદભાઈ માછી નિરંકારી**
**મો. ૯૭૨૬૧૬૬૦૭૫**


@daman_gangatimes 'દમણગંગા ટાઈમ્સ'

દૈનિક ઈન્ટરનેટ પર PDFમાં ઉપલબ્ધ છે.

www.damangangatimes.com

VAPI PAGE - 5

# પારડી તાલુકા વિશેષ

Wednesday 16, September 2026

● પારડી
● ઉદવાડા
● વાઘછીપા
● પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

# પારડી પંથકમાં ઠેર ઠેર મંડળો દ્વારા શ્રીજીની સ્થાપના કરાઈ


તુલસી ક્યારા, પટેલ સ્ટ્રીટ, પારડી


દુકવાડાગામ પારડી



સરકાર સુલતાન ફરિયા પારડી


પારડી રેલ્વે સ્ટેશન, ઉમરસાડી


નાના વાઘછીપાના રાજા પારડી


દમણીઝાંપાના રાજા, પારડી


બાલાખાડીના રાજા, પારડી


બહુચરામાતા મંદિર, કેસરવાડ, પારડી


સૌરભ મંડળ, સ્ટેટ બેંકની બાજુમાં, વાણિયાવાડ, પારડી


પ્રજાપતિ મંડળ, પારડી


પોણિયા ફળિયા, પારડી


પોલીસ સ્ટેશન પારડી, પોલીસલાઈન


પારડી ચાર રસ્તાના રાજા


ઓમકાર મંડળ, ચિવલ રોડ, પારડી


એડવોકેટ નિલેશભાઈ માલમદાર કચેરી પાસે, પારડી


નવયુવક મંડળ, જૂની શાકભાજી માર્કેટ પારડી


મારૂતી પાર્ક, પારડી


મરીમાતા મંદિર, ચિવલ રોડ, પારડી


કુંભારીયાગામ, પારડી


કોલકગામ, પારડી


કહારવાડ, પારડી


જલદેવીમાતા મંદિર તળાવની પાળ, નવી શાકભાજી માર્કેટ, પારડી


જલદેવી માતા મંદિર, સરદાર ભીલાડવાડા બેંકની પાછળ, પારડી


જલારામ મિત્ર મંડળ, વલસાડી ઝાંપા, પારડી


ડુંગરી ફળિયાના રાજા, દમણીઝાંપા, પારડી


ચંદ્રપુર, માંગલવાડ, પારડી


ભંડારવાડ, કોટલાવ, પારડી


ભંડારવાડ, ઉદવાડાગામ


યમુના એપાર્ટમેન્ટ, પારડી


વાલ્મીકી વાસના બાજુમાં ચિવલ રોડ, પારડી


શ્રીરામ ચોક, પારડી


ઉદવાડાગામ, પારડી


ઉમરસાડી માછીવાડ, પારડી


અંબાજગામ, પારડી


વાલ્મીકીવાસના બાજુમાં ચિવલ રોડ,

## પારડીના વેજનાથ મહાદેવ મંદિરમાં વરિષ્ઠ નાગરિકો દ્વારા ભજન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૫ :** પારડીમાં આવેલ વેજનાથ મહાદેવ મંદિરમાં પવિત્ર શ્રાવણના છેલ્લા સોમવારે વરિષ્ઠ નાગરિક મંડળ પારડી દ્વારા ભજન નો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન વિશાળ સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને ભગવાન ભોળાનાથ તથા માતા પાર્વતી ના પવિત્ર ભજન ગાય છેલ્લા સોમવારની ઉજવણી કરી હતી અહીં વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ એન કે દેસાઈ મંત્રી પ્રફુલભાઈ લાડ ખજાનચી જલપતભાઈ ચાંપાનેરી જયંતીભાઈ પ્રજાપતિ સાથે મંદિરના પૂજારી સંજયભાઈ રાવલ સહિત વિશાળ સંખ્યામાં વરિષ્ઠ નાગરિક મંડળીની બહેનો અને પ્રજાપતિ સમાજની બહેનો ભેગા થયા હતા અને પ્રાચીન વૈજનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારે ભજન અને કીર્તન કર્યા હતા.

માતા પાર્વતી અને ભગવાન ભોળાનાથના ભજન ગાયા હતા બાદમાં આરતી કરવામાં આવી હતી મંદિરના પૂજારી સંજયભાઈ રાવલ એ વૈદિક મંત્રો ચાર સાથે વિધિવત પૂજા કરાવી હતી અને આરતી કરાવી હતી વરિષ્ઠ નાગરિક મંડળના ભજન કીર્તનના કાર્યક્રમ થકી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યો હતો વિશાળ સંખ્યામાં નગરજનો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

## પારડી હાઈવે પર અને મુખ્ય માર્ગો પર રખડતાં ઢોરોનો અડિંગો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૫ :** પારડી નેશનલ હાઈવે નં. ૪૮ પરથી પસાર થતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશો હાલમાં ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. નેશનલ હાઈવે તેમજ ગ્રામીણ વિસ્તારના મુખ્ય માર્ગો પર રખડતાં ઢોરોનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છેજેના કારણે અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી ગયું છે. પારડી શહેરના મુખ્ય ચાર રસ્તા દમણી ઝાંપા મહેતા હોસ્પિટલ અને પ્રજાપતિ હોલ સામે હાઈવે પર રોજના સેંકડો પશુઓ અડિંગો જમાવીને બેસે છે આ ઉપરાંત, હાઈવેની આસપાસની ગ્રીલ-રેલિંગો





તૂટેલી હાલતમાં છે, જ્યારે ગટર અને ડ્રેનેજ લાઈનના ઢાંકણાં ગાયબ છે માર્ગો પર ખાડાઓ તેમાં વળી રાત્રિના સમયે હાઈમસ્ત લાઈટો બંધ રહેતી હોવાથી અંધારામાં રસ્તા પર બેસેલા પશુઓ દેખાતા નથી જેના કારણે વાહનચાલકો વારંવાર અકસ્માતનો ભોગ બને છે. થોડા દિવસો અગાઉ જ પારડી પર નેશનલ હાઈવે નં. ૪૮ અજાણ્યા વાહનની અડફેટે આવતાં ૨ ગૌવંશના ઘટનાસ્થળે જ મોત નિપજયા હતા. આ સિવાય વાહનચાલકો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાના બનાવો બની ચૂક્યા છે. કરોડો રૂપિયાનો ટોલ ટેક્સ વસૂલતી હાઈવે ઓથોરિટી દ્વારા યોગ્ય જાળવણી અને સુરક્ષા સુવિધાઓ ન અપાતાં લોકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. માત્ર નેશનલ હાઈવે જ નહીં પણ ગ્રામીણ વિસ્તારના મુખ્ય માર્ગો જેવા કે ઉમરસાડી દેસાઈવાડ તરફ જતાં સ્ટેશન રોડ પર પણ રાત્રિના સમયે ૭૦ થી ૮૦ જેટલા ઢોરો રસ્તાની વચ્ચે જ બેસી રહે છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાટે જીવનું જોખમ સમાન બની ગયો છે. જો તંત્ર દ્વારા વહેલી તકે કડક પગલાં લેવામાં નહીં આવે, તો કોઈ નિર્દોષ વ્યક્તિનો જીવ જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. ત્યારે પશુપાલકો પણ પોતાના પશુઓનું ધ્યાન રાખે તે જરૂરી છે. દૂધ દોહી ને રખડતા છોડી મુકતા પશુ માલિકો સામે પણ તંત્ર દ્વારા કાર્યવાહી કરે તેવી બૂમ ઉઠી રહી છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 16, September 2026


## ક્રૂડના ભાવોનો પડકાર

ઈરાન અને અમેરિકા વચ્ચેના સંઘર્ષ ક્યારે શાંતિની આશા તો ક્યારેક જંગના ભડકાના માહોલે દુનિયાનાં અર્થતંત્રો પર મોટી અસર કરી છે. ક્રૂડતેલના ભાવોમાં સતત વધઘટની ભારત પર પણ અસર વર્તાઈ રહી છે. તાજેતરમાં ઈરાન અને અમેરિકાએ એકમેક પર હુમલા વધારી દેતા ક્રૂડના ભાવ બેરલે ૧૦૦ ડોલરને પાર થઈ જતાં ભારતી બજારથી માંડીને સામાન્ય માનવીની રસોઈ સુધી બોજો વધ્યો છે. ક્રૂડના ભાવ વધારાના પડકારને પહોંચી વળવા સરકારથી માંડીને સમાન્ય નાગરિકો સુધી સૌએ હવે કમર કસવી પડશે. ઉલ્લેખનીય છે કે, છેલ્લે એપ્રિલથી જૂન વચ્ચેના ત્રિમાસિક સમયગાળા દરમ્યાન ભારતે ૭.૮ ટકાનો ઉત્સાહજનક વિકાસ દર હાંસલ કરીને પોતાની આર્થિક તાકાતનો વિશ્વને પરચો કરાવી દીધો છે, પણ ભારતને તેની ઊર્જા જરૂરતો માટે જે રીતે ક્રૂડ તેલ પર આધારિત રહેવું પડે છે તેના ભાવોથી આર્થિક વિકાસનો આનંદ કડવો બની રહ્યો છે. સીધી અને સ્પષ્ટ વાત છે કે, કોઈ પણ અર્થતંત્રના વિકાસ આડે મોંઘવારીના સમીકરણ ચાવીરૂપ બની રહેતાં હોય છે, તેમાં ક્રૂડ તેલના ભાવોમાં આ ઉછાળો તમામ સ્તરે મોંઘવારીનું કારણ બની જાય છે. પેટ્રોલ અને ડીઝલનો વપરાશ માત્ર વાહનોનાં સંચલાન માટે ઉપયોગમાં હોય છે એમ હોતું નથી. વાહનોનું ઈંધણ મોંઘું થાય એટલે માલસામાનનું પરિવહન પણ મોંઘું થાય. સાથોસાથ ઉત્પાદન ખર્ચ પણ વધી જાય છે. કૃષિથી માંડીને બાંધકામ સહિતનાં ક્ષેત્રોમાં પેટ્રોલિયમ પેદાશો ચાવીરૂપ હોય છે. આવામાં ક્રૂડના ભાવો વધવાથી તેની તમામ ક્ષેત્ર પર અસર વર્તાતી હોય છે. આમે ક્રૂડ તેલની આયાતનો બોજો અર્થતંત્ર પર હદ બહાર રહેતો આવ્યો છે. આવામાં તેની કિંમત વધતાં આ બિલનો બોજ પણ વધી જતો હોય છે. વધુ મોંઘી આયાત એટલે વધુ ડોલરના ખર્ચ સરવાળે દેશના વિદેશી હૂંડિયામણના ભંડાર પર પણ તેની અસર પડે છે. રૂપિયો નબળો પડે, તો બીજી આયાતો પણ મોંઘી થઈ જાય. આમ, ક્રૂડના વધતા ભાવોનું વિષચક્ર આર્થિક વ્યવસ્થાને ખોરવી નાખે તેમ છે. આવા સંજોગોમાં દેશનાં અર્થતંત્રની ખરી કસોટી થશે એ નક્કી છે. એક તરફ ભાવોને કાબૂમાં રાખવા કોઈ પણ સ્થિતિમાં ઈંધણના ભાવો વધે નહીં એની ચિંતા સરકારે કરવાની રહેશે. સાથોસાથ ઈંધણના વિકલ્પો શોધવાની મહેનતને વધારવાની પણ હવે તાતી જરૂર છે. ક્રૂડ આધારિત ઈંધણનાં સ્થાને વીજ આધારિત વાહનો અને અન્ય વિકલ્પોને પ્રવર્તિત કરવા પર સરકારે હવે સતત ધ્યાન આપવાની જરૂરત છે. દેશે ભારે મુશ્કેલી સાથે ૭.૮ ટકાનો વિકાસ દર હાંસલ કર્યો છે, ત્યારે તેને જાળવી રાખવા વૈકલ્પિક ઈંધણના વપરાશને વધારીને ક્રૂડ તેલના બેલગામ ભાવોની અસરને હળવી કરવાનો ઉપાય તત્કાળ કરવો પડશે. આ પડકારનો એક માત્ર ઉકેલ ક્રૂડ પરનું અવલંબન ઘટાડવાનો છે એ સમજી લેવાની ખાસ જરૂરત છે.

## સરકારે ફ્રી પેમેન્ટ માટે રૂ.૨,૦૦૦ની લિમિટ નક્કી કરતાં લોકોમાં ગણગણાટ

### દરેક UPI પેમેન્ટ પર બેંક ચાર્જ ચૂકવવો પડશે




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫ : ડિજિટલ ભારતમાં શાકભાજીની લારીથી લઈને મોટા મોલ સુધી ચુકવણીનું સૌથી મોટું માધ્યમ UPI બની ગયું છે. છેલ્લા કેટલાક સમયથી એવી ચર્ચાઓ ચાલી રહી હતી કે ટૂંક સમયમાં સામાન્ય યુઝર્સે પણ દરેક UPI પેમેન્ટ પર બેંક ચાર્જ ચૂકવવો પડશે. આ અટકળો વચ્ચે કેન્દ્રીય નાણાં મંત્રાલયે સોમવારે એક મહત્ત્વપૂર્ણ સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને સ્પષ્ટતા કરી દીધી છે. સરકારે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે બેંકો અને પેમેન્ટ સિસ્ટમ પ્રોવાઈડર્સ ૨,૦૦૦સુધીના UPI પેમેન્ટ તેમજ RuPay ડેબિટ કાર્ડ પેમેન્ટ પર કોઈ પણ પ્રકારનો ચાર્જ વસૂલી શકશે નહીં.આ નોટિફિકેશનથી દેશના કરોડો સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓને મોટી રાહત મળી છે, સાથે જ મોટા વેલ્યુ ધરાવતા ટ્રાન્ઝેક્શન અને મોટા ઈ-કોમર્સ વેપારીઓ માટે ભવિષ્યની વ્યવસ્થાના સંકેત પણ મળ્યા છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વ્યક્તિથી વેપારી વચ્ચે થયેલા કુલ UPI વ્યવહારોમાંથી માત્ર ૪% ટ્રાન્ઝેક્શન જ ૨,૦૦૦ કરતાં વધુ રકમના હતા.આ નોટિફિકેશન સંસદ દ્વારા ગયા મહિને પસાર કરાયેલા ટેક્સેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ પછી આવ્યું છે. આ કાયદા દ્વારા પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭ની કલમ 10A માં સુધારો કરવામાં આવ્યો હતો.અગાઉ ઈન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ની કલમ 269SU હેઠળ આવતા વેપારીઓ માટે ઈલેક્ટ્રોનિક પેમેન્ટ પર બેંક ચાર્જમાંથી સંપૂર્ણ મુક્તિ હતી. કલમ 269SU એવા દરેક વેપારી પર લાગુ પડતી હતી જેમનું વાર્ષિક ટર્નઓવર ૫૦ કરોડથી વધુ હતું. કલમ ૧૦A મુજબ આ મોડ્સમાં RuPay ડેબિટ કાર્ડ, BHIM-UPI અને UPI-QR કોડ પર કોઈ ચાર્જ લગાવી શકાતો નહોતો. આ સુધારા બાદ એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા મોટા વેપારીઓ પાસેથી UPI અને RuPay પેમેન્ટ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ વસૂલવાનો માર્ગ મોકળો બન્યો હતો.આ સુધારા અંગે નાણાં મંત્રાલયે અગાઉ ૮ ઓગસ્ટના રોજ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું, પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટમાં તાજેતરના સુધારાએ ચર્ચા જગાવી છે, જેમાં કેટલાક લોકો તેને સામાન્ય વપરાશકર્તાઓ પર ચાર્જ લાદવાના પગલા તરીકે ખોટી રીતે અર્થઘટન કરી રહ્યા છે. વાસ્તવમાં, આ સુધારો એક સમર્થ બનાવતી જોગવાઈ છે દીર્ઘકાલીન ટકાઉક્ષમતા, ટેકનોલોજીકલ પ્રગતિ અને ઉભરતા જોખમો સામે તેની સજ્જતા સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે.બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ લાંબા સમયથી એવી રજૂઆત કરી રહ્યા છે કે ડિજિટલ પેમેન્ટનું માળખું જાળવવાનો ખર્ચ સતત વધી રહ્યો છે. માર્ચ મહિનામાં ફાઈનાન્સ અંગેની સ્ટેન્ડિંગ કમિટીએ પણ તેના અહેવાલમાં નોંધ્યું હતું કે "MDRની ગેરહાજરી UPI ઈકોસિસ્ટમને આર્થિક રીતે બિનટકાઉ બનાવે છે."

MDR સામાન્ય રીતે ૧% થી ૩% વચ્ચે હોય છે, જે ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પેમેન્ટ પ્રોસેસ કરતી બેંકો દ્વારા ટ્રાન્ઝેક્શન પ્રોસેસિંગ, સેટલમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચને પહોંચી વળવા માટે વેપારીઓ પર વસૂલવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૨૦થી સમગ્ર દેશમાં ડિજિટલ પેમેન્ટના વ્યાપને પ્રોત્સાહન આપવા માટે RuPay ડેબિટ કાર્ડ અને UPI પરનો MDR સંપૂર્ણ નાબૂદ કરવામાં આવ્યો હતો. જોકે, નાણાં મંત્રાલયે આ વર્ષની શરૂઆતમાં સ્ટેન્ડિંગ કમિટીને માહિતી આપી હતી કે પેમેન્ટ ઉદ્યોગને પર્સન-ટુ-મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન્સ માટે વાર્ષિક ૨૦,૭૦૦ કરોડનો ભારે ખર્ચ થઈ રહ્યો છે.

## અમેરિકાના દબાણમાં સરકારે UPI પર ફીસ વસૂલવાનો રસ્તો ખોલ્યો :રાહુલ ગાંધી




(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૫ : દેશમાં ડિજિટલ પેમેન્ટનું મુખ્ય સાધન બની ચૂકેલા યુપીઆઈને લઈને રાજકીય વિવાદ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા દાવો કર્યો છે કે સરકારે યુપીઆઈ પર ચાર્જ વસૂલવાનો રસ્તો ખોલી દીધો છે, જેનો આડકતરી રીતે બોજ સામાન્ય જનતા પર પડશે.

સોશિયલ મીડિયા પર નિવેદન આપતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ૨૦૦૦ રૂપિયાથી વધુના મર્ચન્ટ પેમેન્ટ પર ટ્રાન્ઝેક્શન ફી લાગુ થઈ શકે છે. જો કે આવા વ્યવહારોની સંખ્યા ઓછી છે, પરંતુ કુલ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં તેનો હિસ્સો ઘણો મોટો છે.રાહુલ ગાંધીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, અમેરિકન પેમેન્ટ કંપનીઓ ભારતની ઝીરો-એમડીઆર નીતિનો લાંબા સમયથી વિરોધ કરી રહી હતી અને હવે વર્તમાન સરકાર આ જ અમેરિકન દબાણ સામે ઝૂકી રહી છે.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર પ્રહાર કરતા પૂછ્યું કે, 'શું એ સાચું છે કે ૫૦૦૦ રૂપિયાના વ્યવહાર પર ૨૫ રૂપિયા અને ૧૦,૦૦૦ રૂપિયા પર ૫૦ રૂપિયા સુધીની સંભવિત વસૂલાત થઈ શકે છે? જો વેપારીઓ પર વધારાનો આર્થિક બોજ પડશે, તો તેઓ આ ખર્ચ ચીજવસ્તુઓની કિંમતો વધારીને આખરે સામાન્ય ગ્રાહકો પાસેથી જ વસૂલ કરશે.'વર્તમાન નિયમો અનુસાર ૨૦૦૦ રૂપિયા સુધીના યુપીઆઈ (UPI) પેમેન્ટ પર કોઈ પણ પ્રકારનો ચાર્જ વસૂલવામાં આવતો નથી અને બે વ્યક્તિઓ વચ્ચે (પર્સન-ટુ-પર્સન) થતા લેણ-દેણ માટે આ નિયમ યથાવત રહેશે.

## રશિયા પાસેથી ક્રૂડ ના કારણે ભારત પર ૧૦૦ ટકા ટેરિફનો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૫:અમેરિકામાં રશિયા પરના પ્રતિબંધોને લઈને બિલમાં ઘણાં સંશોધનો રજૂ કરવામાં આવ્યા છે. આ બિલ 'લિન્ડસે ગ્રાહમ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' તરીકે ઓળખાય છે, જે અગાઉ યુએસ સેનેટમાં ભારે બહુમતીથી પસાર થઈ ચૂક્યું છે. હવે આ મામલો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પહોંચ્યો છે, જ્યાં સાંસદો દ્વારા મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા છે.

બિલમાં એક નવા સંશોધન હેઠળ ભારત અને ચીન જેવા રશિયાના મોટા વ્યાપારી ભાગીદાર દેશોના નામ સીધા બિલમાં જોડવાની માંગ કરવામાં આવી છે, જેથી તેમના પર ૧૦૦ ટકા સુધીનો ટેરિફ લગાવી શકાય. ડેમોક્રેટિક સાંસદ સ્ટેની હોયર દ્વારા આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં રશિયા પાસેથી ક્રૂડ ખરીદતા મુખ્ય દેશોને કડક નિયમોના ઘેરાવામાં લાવવાની વાત છે.

બીજી બાજુ, સાંસદ ગ્રેગરી મીક્સે ટેરિફ પ્રાવધાન ધરાવતા સેક્શન ૧૧૩ને જ હટાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને વધુ ટેરિફ સત્તાઓ આપવાના વિરોધમાં છે અને તેમને અન્ય સાંસદોનો પણ ટેકો મળ્યો છે. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય રશિયાના નેતૃત્વ અને તેના ઉર્જા ક્ષેત્ર પર આર્થિક દબાણ વધારવાનો છે.અમેરિકાનું માનવું છે કે રશિયા તેના ક્રૂડના વ્યાપારમાંથી મળતા નાણાંનો ઉપયોગ યુક્રેન સામેના યુદ્ધમાં કરી રહ્યું છે. આ કાયદા દ્વારા રશિયાને ક્રૂડ વેચવામાં મદદ કરી રહેલા જહાજોના કાફલા પર પણ કડી નજર રાખવામાં આવશે. આગામી સમયમાં આ બિલના પરિણામો વૈશ્વિક વેપાર પર મોટી અસર છોડી શકે છે.

## વૈશ્વિક સંઘર્ષો છતાં ભારતે સર્વસંમતિ સાધી: જયશંકર



(જી.એન.એસ) તા. ૧૫ નવી દિલ્હી, વિદેશ મંત્રી એસ. જયશંકરે 'બ્રિક્સ ઈન્ડિયા સમિટ ૨૦૨૬'ના સફળ સમાપનને આવકારતા કહ્યું કે, આ સંમેલને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભારતની "મજબૂત આયોજન ક્ષમતા" દર્શાવી છે અને સાબિત કર્યું છે કે વૈશ્વિક સ્તરે ઊંડા ધ્રુવીકરણ અને સંઘર્ષો હોવા છતાં સર્વસંમતિ સાધી શકાય છે.

મીડિયાને સંબોધતા જયશંકરે જણાવ્યું હતું કે આ સમિટમાં ૩૨ પ્રતિનિધિ મંડળોએ ભાગ લીધો હતો, જેમાં ૧૧ સભ્ય દેશો, ૧૦ ભાગીદાર દેશો, ચાર પ્રાદેશિક સંગઠનો અને સાત આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે મોટાભાગના સહભાગી દેશોનું પ્રતિનિધિત્વ સર્વોચ્ચ સ્તરે કરવામાં આવ્યું હતું.આ સમિટમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન, ઈથોપિયાના વડાપ્રધાન અબી અહેમદ અલી, ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને હાજરી આપી હતી."નોંધવા જેવી પ્રથમ બાબત એ છે કે મોદીના ભારતની આયોજન ક્ષમતા ખૂબ જ મજબૂત છે," એમ જયશંકરે કહ્યું. તેમણે નોંધ્યું કે મોટાભાગના પ્રતિનિધિ મંડળોનું નેતૃત્વ રાષ્ટ્રના વડા અથવા સરકારના વડા સ્તરે કરવામાં આવ્યું હતું. તેમણે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોના વડાઓની ભાગીદારી પર પણ ભાર મૂક્યો અને કહ્યું કે આ સમિટને કારણે નેતાઓ "ખૂબ જ ખુલ્લી અને

### હવે અંતરિક્ષમાં યુદ્ધની તૈયારી?

## અમેરિકાએ અવકાશમાં હથિયાર તૈનાત કર્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫ : વિશ્વના અલગ-અલગ ખૂણે ચાલી રહેલા સંઘર્ષો વચ્ચે હવે અંતરિક્ષમાં પણ સૈન્ય હથિયારોની સ્પર્ધા તેજ થઈ ગઈ છે. અમેરિકન સ્પેસ ફોર્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, અમેરિકાએ હવે પૃથ્વીની કક્ષા (ઓર્બિટ)માં હથિયારો તૈનાત કરી દીધા છે. આ સાથે જ અમેરિકાએ પહેલીવાર સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે તેની પાસે ઓર્બિટમાં હથિયારો તૈનાત કરવાની ક્ષમતા છે.

એજન્સીના અહેવાલ મુજબ, અમેરિકન સ્પેસ ફોર્સના પ્રવક્તાએ જણાવ્યું છે કે દેશ પાસે ઓર્બિટમાં એવા 'સ્પેસ કંટ્રોલ વેપન' છે, જે દુશ્મનોની કાર્યવાહી સામે સંયુક્ત દળોનું રક્ષણ કરી શકે છે. જોકે, અંતરિક્ષમાં કયા ચોક્કસ હથિયારો ગોઠવવામાં આવ્યા છે તેની વિગતો જાહેર કરવામાં આવી નથી. સ્પેસ કંટ્રોલ મિશન અંતર્ગત કાઈનેટિક અને નોન-કાઈનેટિક પદ્ધતિઓ દ્વારા દુશ્મનની ક્ષમતાઓને પ્રભાવિત કરવામાં આવે છે.

અંતરિક્ષમાં હથિયારો મોકલવાની અને તેને નિયંત્રિત કરવાની આ રેસ નવી નથી. વર્ષ ૧૯૫૭માં રશિયા દ્વારા 'સ્પુતનિક' લોન્ચ કરવામાં આવ્યા બાદથી જ અમેરિકા અને મોસ્કો વચ્ચે સેટેલાઈટ નષ્ટ કરવા અને હથિયારો મોકલવાની હોડ શરૂ થઈ ગઈ હતી. વર્ષ ૧૯૬૭માં 'આઉટર સ્પેસ ટ્રીટી' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેના દ્વારા ઓર્બિટમાં મોટા પાયે તબાહી મચાવતા હથિયારો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.

આ કરાર અને પ્રતિબંધો હોવા છતાં અમેરિકા, ચીન અને રશિયા આ સંધિથી બહાર રહીને અંતરિક્ષમાં યુદ્ધની નવી પદ્ધતિઓ વિકસાવી રહ્યા છે. વર્તમાન સમયમાં સેટેલાઈટ મિલિટરી કોમ્યુનિકેશન, સર્વેલન્સ અને નેવિગેશન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. યુદ્ધ જેવી પરિસ્થિતિમાં દુશ્મન દેશના સેટેલાઈટને નિશાન બનાવીને તેને નિષ્ક્રિય કરી શકાય છે.

## સાઉદીની મુખ્ય ઓઈલ પાઈપલાઈન ઠપ થતાં વૈશ્વિક સપ્લાય પર સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
રિયાદ, તા.૧૫ : મધ્ય પૂર્વમાં વધતી સૈન્ય અસ્થિરતાએ વૈશ્વિક ક્રૂડ ઓઈલ સપ્લાય અંગે નવી ચિંતા ઊભી કરી છે. આપેલી માહિતી અનુસાર, ૧૦ અને ૧૧ સપ્ટેમ્બરે ઈરાકથી આવેલા ડ્રોન હુમલામાં સાઉદી અરેબિયાની મહત્વપૂર્ણ ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈનના રિયાદ અને મદીના ક્ષેત્રોમાં આવેલા પંપ સ્ટેશનોને નુકસાન પહોંચ્યું છે. હુમલા બાદ પાઈપલાઈન બંધ કરવામાં આવી હોવાના અહેવાલ છે. તેના કારણે દૈનિક ૪૦ લાખ બેરલ તેલની નિકાસ અટકી પડવાની સ્થિતિ સર્જાઈ છે. આ ઘટનાએ પહેલેથી જ સંકટગ્રસ્ત વૈશ્વિક ઊર્જા બજારમાં પુરવઠા અંગેની ચિંતા વધારી છે. જોકે, આપેલી માહિતીમાં ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર પહોંચ્યાનો દાવો કરવામાં આવ્યો છે, પરંતુ આ ભાવ અને હુમલાની વિગતોની સ્વતંત્ર પુષ્ટિ અહીં ઉપલબ્ધ નથી.

સાઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન, જેને પેટ્રો લાઈન તરીકે પણ ઓળખવામાં આવે છે, દેશના પૂર્વ વિસ્તારમાં આવેલા તેલ ઉત્પાદન કેન્દ્રોને પશ્ચિમ કિનારે આવેલા યાન્બુ બંદર સાથે જોડે છે. પર્શિયન ગલ્ફના દરિયાઈ માર્ગો પર સંકટ ઊભું થાય ત્યારે વૈકલ્પિક નિકાસ માર્ગ તરીકે આ પાઈપલાઈનનું વ્યૂહાત્મક મહત્વ છે.આપેલી માહિતી મુજબ, પાઈપલાઈનની દૈનિક ક્ષમતા ૭૦ લાખ બેરલ છે અને સામાન્ય રીતે ૪૦થી ૫૦ લાખ બેરલ તેલ પસાર થાય છે. જો દૈનિક ૪૦ લાખ બેરલની નિકાસ ખરેખર અટકી હોય, તો વૈશ્વિક બજારમાં ઉપલબ્ધ સપ્લાય પર નોંધપાત્ર અસર પડી શકે છે. જોકે, પાઈપલાઈનની ક્ષમતા અને વાસ્તવિક બંધ પડેલી નિકાસના આંકડાઓની સત્તાવાર પુષ્ટિ જરૂરી છે. મધ્ય પૂર્વના ઊર્જા પરિવહન માટે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને બાબ અલ-મંદેબ અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો છે. હોર્મુઝ મારફતે પર્શિયન ગલ્ફમાંથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલનું પરિવહન થાય છે, જ્યારે બાબ અલ-મંદેબ લાલ સમુદ્ર અને હિંદ મહાસાગર વચ્ચેના વેપાર માટે મહત્વપૂર્ણ માર્ગ છે.

આ માર્ગો પર સુરક્ષાનો ખતરો વધે તો જહાજોને લાંબા વૈકલ્પિક માર્ગો અપનાવવા પડે છે. તેના કારણે પરિવહન ખર્ચ, વીમા પ્રીમિયમ અને ડિલિવરી સમય વધી શકે છે. જો સાઉદીની પાઈપલાઈન પણ લાંબા સમય સુધી બંધ રહે, તો વૈશ્વિક બજારમાં સપ્લાય અંગેની ચિંતા વધુ ઊંડી બની શકે છે.

## સીરિયામાં ડીઝલના ભાવમાં એક ઝાટકે ૪૦%નો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)
દમાસ્કસ, તા.૧૫ : સીરિયામાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં અચાનક થયેલા ભારે વધારાને પગલે જનતાનો રોષ ફાટી નીકળ્યો છે.

સરકારે ડીઝલની કિંમતમાં ૪૦%નો વધારો કરતાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન ટાયરો સળગાવવામાં આવ્યા હતા અને રાજધાની દમાસ્કસને ઔદ્યોગિક શહેર અલેપ્પો સાથે જોડતા મુખ્ય હાઈવે સહિતના માર્ગો બ્લોક કરવામાં આવ્યા હતા. આ ભાવવધારાએ યુદ્ધ અને આર્થિક સંકટથી પહેલેથી જ મુશ્કેલીમાં જીવતા સામાન્ય પરિવારોની ચિંતામાં વધારો કર્યો છે.

સીરિયા સરકારે શનિવારે ડીઝલના ભાવમાં ૪૦%નો વધારો કરીને તેને ૧૭૫ સીરિયાઈ પાઉન્ડ પ્રતિ લીટર કરી દીધો છે. આપેલી વિગતો અનુસાર, આ કિંમત આશરે ૧.૩૨ અમેરિકન ડોલર અથવા ભારતીય ચલણમાં લગભગ ૧૨૭ પ્રતિ લીટર થાય છે. દેશમાં લગભગ ૯૦% વસ્તી ગરીબીમાં જીવતી હોવાના અહેવાલો વચ્ચે આ વધારો સામાન્ય લોકો માટે મોટો આર્થિક બોજ બન્યો છે.

## મસૂદ અઝહર ક્યાં છે પાકિસ્તાન જાણે છે : ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૫ :ભારત અને પાકિસ્તાન વચ્ચે આતંકવાદના મુદ્દે ફરીથી શાબ્દિક ટકરાવ જોવા મળ્યો છે. વિદેશ મંત્રાલયે જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર પર ઈનામ જાહેર કરવા બદલ પાકિસ્તાનને આડે હાથ લીધું છે. ભારતે કહ્યું છે કે પાકિસ્તાન સારી રીતે જાણે છે કે મસૂદ અઝહર ક્યાં છે અને માત્ર જાહેરાતો કરવાને બદલે તેની સામે નક્કર કાર્યવાહી કરવી જોઈએ. આ ઉપરાંત, બાંગ્લાદેશના વડાપ્રધાનને આમંત્રણ, ચીન સાથેના સંબંધો અને ઓમાનના દરિયાકાંઠે જહાજ પર હુમલા અંગે પણ ભારતે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

પાકિસ્તાન સરકારે જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર પર ૭૦ લાખ પાકિસ્તાની રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ પગલાને ભારતના વિદેશ મંત્રાલયે દુનિયાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ ગણાવ્યો છે. પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું હોવાનું આપેલી માહિતીમાં જણાવાયું છે કે પાકિસ્તાન આતંકવાદી સંગઠનો સામે કાર્યવાહી કરવાના બદલે આવા નાટક કરતું રહ્યું છે.ભારતનું કહેવું છે કે પાકિસ્તાનને મસૂદ અઝહર ક્યાં છુપાયેલો છે તેની જાણકારી છે. તેથી ઈનામ જાહેર કરવાથી આતંકવાદ સામેની કાર્યવાહી સાબિત થતી નથી.

ભારતે પાકિસ્તાનને આતંકવાદીઓ સામે નક્કર અને વિશ્વસનીય પગલાં ભરવાની માગ કરી છે.બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને ભારત તરફથી આમંત્રણ ન મળ્યું હોવાના દાવાને પણ વિદેશ મંત્રાલયે ખોટો ગણાવ્યો છે. પ્રવક્તા રણધીર જાયસવાલે જણાવ્યું છે કે ભારતે તેમને દ્વિપક્ષીય મુલાકાત માટે એક આમંત્રણ મોકલ્યું હતું. આ ઉપરાંત, બ્રિક્સ શિખર સંમેલનમાં અધ્યક્ષ તરીકે ભાગ લેવા માટે પણ અલગ આમંત્રણ આપવામાં આવ્યું હતું.આ રીતે, ભારત તરફથી કુલ બે અલગ-અલગ આમંત્રણ મોકલવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આમંત્રણ અંગેના વિવાદ વચ્ચે ભારતે બંને દેશો વચ્ચેના સંબંધો માટે રાજદ્વારી સંવાદના મહત્વ પર ભાર મૂક્યો છે.

૧૮મા બ્રિક્સ સંમેલન દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં બંને દેશોના હિતો અને સંબંધો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભારતે પોતાના મુદ્દ

ાઓ સ્પષ્ટ શબ્દોમાં રજૂ કર્યા હોવાનું વિદેશ મંત્રાલયે જણાવ્યું છે.ભારતના જણાવ્યા અનુસાર, બંને દેશો વચ્ચેના સંબંધોને આગળ વધારવા માટે પરસ્પર સન્માન, પરસ્પર હિત અને પરસ્પર સંવેદનશીલતા જરૂરી છે.

### સુશાસનના ૫ વર્ષ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં

## ગુજરાતમાં મહેસૂલી સુધારાથી નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવા સુનિશ્ચિત થઈ

**રાજ્ય સરકારે આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં મહત્વપૂર્ણ સુધારા કર્યા : ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ દ્વારા જમીન સંપાદન અને ખેડૂતોને વળતરની પ્રક્રિયા ઝડપી બની**

(દમણગંગા ટાઈમ્સ)
**ગાંધીનગર, તા. ૧૬ :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના સફળ ૫ વર્ષ પૂર્ણ કર્યા છે. રાજ્યના નાગરિકો સુધી પ્રભાવી અને અસરકારક સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જરૂરી મહેસૂલી સુધારા કરીને સુશાસનનું દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમનું નેતૃત્વ પારદર્શિતા, સરળતા અને ટેક્નોલોજી આધારિત વહીવટ માટે જાણીતું છે. તેથી જ ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓને સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મોડેલ બન્યું છે. આ સુધારાઓને લીધે રાજ્યના વિકાસને નવી ગતિ મળી છે, જે ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ અને ઈઝ ઑફ લિવિંગને મજબૂતી આપે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે. ઈ-ધરા જેવી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે, જેના લીધે ખરાઈ સાથેના જમીન રેકોર્ડ સુરક્ષિત અને ઝડપથી નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે. પરિણામે જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.કાયદાકીય સુરક્ષા જાળવીને પ્રક્રિયાને સરળ બનાવવા માટે બિનખેતી (NA) મંજૂરી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવામાં આવી છે. તેમાં સમયસર મંજૂરી મળવાથી સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે અને ઉદ્યોગોને ફાયદો થવાની સાથે ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથોસાથ, ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ ૩૪ જિલ્લાઓમાં જમીન માપણી અને રીસર્વેની કામગીરી ના કારણે જેના કારણે જમીન વિવાદોમાં ઘટાડો થયો છે અને ખેડૂતોને લોન, પાક વીમા અને સરકારી સહાય સરળતાથી મળી રહી છે.

**આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં મહત્વપૂર્ણ સુધારા**

આ સુધારા વિધેયકમાં ૧૯૪૭ થી અત્યાર સુધી થયેલા તમામ ટુકડા ધારાના ભંગ કોઈપણ પ્રકારના દંડ વિના નિયમબદ્ધ-વિનિયમિત કરવામાં આવશે. આ વિધેયકમાં ઉમેરવામાં આવેલી નવી કલમ-૫(૪)નો ઉપયોગ કરી રાજ્ય સરકાર દ્વારા તમામ લોકલ એરીયામાં એક સમાન ક્ષેત્રફળ ૧૦ ગુંઠા (૧૦૧૨ ચો.મી) નક્કી કરેલ છે. આ સુધારાથી જમીન લે-વેચમાં સ્થાનિક ગૂંચવાડા દૂર થશે. શહેરી વિસ્તારો ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણ મુક્ત થશે અને સમગ્ર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ મળશે

**સેવાઓમાં ડિજિટલાઈઝેશન અને ટેકનોલોજીકલ સુધારા**

મહેસૂલી સેવાઓમાં ડિજિટલ ટેક્નોલોજીને સામેલ કરવાથી કામગીરી વધુ સરળ, પારદર્શક અને ઝડપી બની છે. ગરવી ૨.૦ પોર્ટલના રાજ્યવ્યાપી અમલીકરણ દ્વારા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ઓનલાઈન અને ફેસલેસ બનાવવામાં આવી છે. જન સેવા અને ઈ-ધરા કેન્દ્રો પરથી ફિઝિકલ સહી-સિક્કા વગરની ડિજિટલ સહી અને QR કોડવાળી નકલો (VF-6, VF-7, 8A) મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે. તે સિવાય અરજદાર હવે સીટી સરવે કચેરીની રૂબરૂ મુલાકાત કર્યા વગર ઓનલાઈન માધ્યમથી ઈ-સીલ દ્વારા પ્રમાણિત કરેલી પ્રોપર્ટીકાર્ડની નકલ ઘરે બેઠા મેળવી શકે છે. જમીન ફાળવણીને લગતા સુધારા અંતર્ગત iORA પોર્ટલ દ્વારા રાજ્યના નાગરિકો સુધી ઝડપી અને પારદર્શક સેવાઓ પહોંચવામાં સરળતા મળી છે.

**અત્યાધુનિક ટેક્નોલોજીથી જમીનનું મેપિંગ**

મહેસૂલ વિભાગે ISROની અત્યાધુનિક ટેકનોલોજીના માધ્યમથી રાજ્યના સમગ્ર ભૂભાગનું ઉચ્ચ રિઝોલ્યુશન ક્ષમતા સાથે મેપિંગ હાથ ધર્યું છે. આ પહેલ અંતર્ગત સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો, લીઝ પર આપેલી જમીનનો દુરુપયોગ અને મર્યાદા બહારના ખનન (Mining) જેવી પ્રવૃત્તિઓ પર સચોટ દેખરેખ રાખવામાં આવે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ ટેકનોલોજી દ્વારા કોઈપણ અનધિકૃત ફેરફાર થતાં જ 'iORA' અને 'RO Diary' પર સ્વચાલિત (Automatic) એલર્ટ જનરેટ થાય છે, જેનાથી જમીન પર ત્વરિત કાયદેસરની કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય છે.

**ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ દ્વારા જમીન સંપાદન અને ખેડૂતોને વળતરની પ્રક્રિયા ઝડપી બની**

જમીન સંપાદનની કામગીરીને ઝડપી બનાવવા માટે ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ કરવામાં આવ્યું છે જેના લીધે રાજ્યના જાહેર ક્ષેત્રના મહત્વના પ્રોજેક્ટ્સમાં જમીન સંપાદન કરવામાં આવ્યું છે. તેમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વે, આબુરોડ-તારંગા હિલ રેલવે અને કેશોદ એરપોર્ટ જેવા મહત્વના પ્રોજક્ટ્સમાં સફળતાપૂર્વક જમીન સંપાદન થવાથી ખેડૂતોને ઝડપથી વળતર મળી રહ્યું છે.

**મુખ્યમંત્રીના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન મહેસૂલ વિભાગના મહત્વના સુધારા**

ઈનામી કાયદા હેઠળ કબ્જા નિયમબધ્ધ કરવામાં આવ્યા. પ્રવર્તમાન જંત્રી કિંમતના ૨૦ ટકા કબ્જા હકકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય

અરજદારોના ફીડબેકના આધારે સેવા વિતરણમાં સુધારો કરવા માટે 'ફીડબેક સેન્ટર'ની શરૂઆત

ખેતી હેતુ નવી અને અવિભાજ્ય શરત, પ્રતિબંધિત સત્તા પ્રકાર અથવા નિયંત્રિત સત્તા પ્રકારની તમામ જમીનો જૂની શરતની ગણવાનો અને ખેતી-બિનખેતી હેતુફેર માટે કોઈપણ -કારના પ્રીમીયમની વસુલીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય

જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર - તા. ૧/૫/૧૯૬૦ પછી તમામ જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનો ખેડૂતલક્ષી હકારાત્મક નિર્ણય

બિનખેતીના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર વર્તમાન જંત્રી કિંમતના ૨૦ ટકા કબ્જા હકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય

પ્રવર્તમાન જંત્રી ભાવના ૧૦ ટકા પ્રિમીયમ વસુલ સાતે રિવાઈઝ બિનખેતી પરવાનગી આપવાનો નિર્ણય

ખેડૂત ખરાઈ માટે હવે ૦૬/૦૪/૧૯૯૫ પહેલાનો રેકોર્ડ તપાસવાની જરૂર રહેશે નહીં

ગ્રીન હાઈડ્રોજન નીતિ ૨૦૨૩ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે આપવાની નીતિ અમલમાં મૂકી

બિનખેતી (NA) પ્રક્રિયામાં છૂટછાટ રિન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેક્ટ્સ માટે ખાનગી અને સરકારી જમીનમાં ડીમ્ડ એન.એ. પરવાનગીનો લાભ આપવાની જોગવાઈ

સરકારી જમીન ફાળવણીની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવા માટે જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સત્તામર્યાદામાં વધારો કરાયો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણયોથી વડાધાનના સંકલ્પ મુજબના વિકસિત ભારત @ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાત નિર્માણની યાત્રા વધુ વેગવાન બનશે. ગુજરાતમાં ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસથી એક ડગલું આગળ વધીને કમ્ફર્ટ ઓફ ડુઈંગ બિઝનેસ અને મેક્ઝિમમ ગવર્નન્સ-મિનિમમ ગવર્નમેન્ટ ચરિતાર્થ થશે.

# અન્ય સમાચારો

Wednesday 16, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## કરજુનમાં પત્નીની હત્યાનો આરોપી શિક્ષક પતિ ઝડપાયો

(દમણગંગા ટાઈમ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૧૫ :** કપરાડા તાલુકાના કરજુન ગામના પારસપાડા ફળિયામાં પત્નીની હત્યાના ચકચારી બનાવમાં પોલીસે આરોપી પતિની ધરપકડ કરી છે. સરવરટાટી ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા સુરેશભાઈ લક્ષ્મણભાઈ વાઘમાર્યા સામે પત્ની આનંદીબેનની હત્યા કર્યાનો આરોપ છે.

ફરિયાદ મુજબ સુરેશભાઈ અને તેમની પત્ની આનંદીબેન સુરેશભાઈ વાઘમાર્યા (ઉં.વ. ૪૮) બંનેને દારૂ પીવાની ટેવ હતી. તા. ૧૨ જૂનની રાત્રે આનંદીબેન ઘરેથી નીકળી ગયા હતા અને તા. ૧૩ જૂનની વહેલી સવારે આશરે પાંચ વાગ્યે ઘરે પરત આવ્યા હતા. તે સમયે તેઓ દારૂના નશામાં



હોવાના આક્ષેપ સાથે પતિએ ગુસ્સામાં આવી બે-ત્રણ થપ્પડ મારી હતી.

ત્યારબાદ આનંદીબેન ઘરના રૂમમાં જમીન પર સૂઈ ગયા હતા. ફરિયાદ મુજબ, સુરેશભાઈ ઘરની પાછળ લાકડાં મૂકવાની જગ્યાએથી લાકડું લઈ આવ્યા હતા અને ઊંઘતી પત્નીના પેટના કુંખના ભાગે તેમજ માથાના જમણા ભાગે લાકડાના ફટકા માર્યા હતા. ગંભીર ઈજાઓના કારણે આનંદીબેનનું મોત થયું હોવાનો આક્ષેપ છે.ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, હત્યા બાદ મૃતકના લોહીવાળા કપડાં ઉતારી અન્ય કપડાં પહેરાવવામાં આવ્યા હતા અને ચાદર ઓઢાડી દેવામાં આવી હતી. આ રીતે પુરાવા નાશ કરવાનો પ્રયાસ કરાયો હોવાનો પણ આરોપ છે.


આ અંગે મૃતકના પુત્ર પ્રવિણભાઈ સુરેશભાઈ લક્ષ્મણભાઈ વાઘમાર્યા દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપી સુરેશભાઈને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર મામલે પોલીસ તપાસ ચાલુ છે અને તપાસ બાદ બનાવ અંગેની વધુ હકીકતો બહાર આવશે.



વાપીના અજીત નગર ખાતે આવેલ અજીતનાથ દેરાસરમાં આજે પર્યુષણ પર્વ અને સંવત્સરીની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે અજીતનાથ દાદાને આંગી કરવામાં આવી હતી.

## સાપુતારા સર્પગંગા તળાવમાં નૌકાવિહારનાં નામે 'વધારાની

**તળાવમાં બોટિંગ સંચાલકોને તંત્ર દ્વારા જાણે ઉઘાડી લૂંટ ચલાવવા માટે છૂટોદોર આપ્યો,બોટ ટિકિટનાં દર ઉપરાંત લાઈફ જેકેટના પણ અલગ રૂપિયા,બે વ્યક્તિની 'કપલ બોટ'ના બદલે ૪ કે ૬ વ્યક્તિની બોટ, નવદંપતીને પણ ૪ વ્યક્તિનો ચાર્જ?**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૫ :** ૧૫-૦૯-૨૦૨૬ ગુજરાતનાં પ્રવાસન નકશા પર આગવું સ્થાન ધરાવતા સાપુતારાનાં સર્પગંગા તળાવમાં નૌકા વિહારનો આનંદ માણવા આવતા પ્રવાસીઓ પાસેથી બોટ ટિકિટના નિર્ધારિત દર ઉપરાંત લાઈફ જેકેટના નામે પણ અલગથી રકમ વસૂલાતી હોવાની ફરિયાદો ઉઠતા બોટિંગ વ્યવસ્થાની પારદર્શિતા સામે અનેક સવાલો ઊભા થયા છે.ખાસ કરીને બોટિંગનો ઈજારો લીધા બાદ પ્રવાસીઓ માટે ઉપલબ્ધ કરાવવાની બોટની વ્યવસ્થા અને વસૂલવામાં આવતા ચાર્જ અંગે પ્રવાસીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.સાપુતારા સર્પગંગા તળાવ ખાતે બોટિંગ માટે લગાવવામાં આવેલા દરપત્રકમાં ૪ વ્યક્તિની બોટ માટે રૂ.૪૦૦ બોટ ટિકિટ અને રૂ.૮૦ લાઈફ જેકેટ મળી કુલ રૂ.૪૮૦, જ્યારે ૬ વ્યક્તિની બોટ માટે રૂ.૬૦૦ની બોટ ટિકિટ અને રૂ.૧૨૦ લાઈફ જેકેટ મળી કુલ રૂ.૭૨૦ દર્શાવવામાં આવ્યા છે. આમ, બોટના ભાડા ઉપરાંત લાઈફ જેકેટ માટે પણ અલગથી રકમ લેવામાં આવતી હોવાનું સ્થળ પરના દરપત્રક પરથી સ્પષ્ટ થાય છે. પ્રવાસીઓનો મુખ્ય સવાલ એ છે કે લાઈફ જેકેટ પ્રવાસીઓની સુરક્ષા માટે ફરજિયાત હોય તો તેની કિંમત બોટિંગના દરમાં સામેલ છે કે અલગથી વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે? જો લાઈફ જેકેટ ફરજિયાત સુરક્ષાનું સાધન હોય તો તેના નામે વધારાની વસૂલાત કરવાની પરવાનગી ઈજારાની શરતોમાં છે કે કેમ, તે અંગે વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આ સમગ્ર મામલામાં વધુ ગંભીર સવાલ બોટની ઉપલબ્ધતાને લઈને ઊભો થયો છે. પ્રવાસીઓના જણાવ્યા મુજબ, ઈજારાની શરતો અનુસાર બે વ્યક્તિ માટે કપલ બોટ ઉપલબ્ધ રાખવાની જોગવાઈ હોવા છતાં હાલમાં માત્ર ૪ અને ૬ વ્યક્તિની બોટ જ ઉપલબ્ધ રાખવામાં આવી રહી હોવાની ફરિયાદ છે.પરિણામે કોઈ યુગલ અથવા નવદંપતી માત્ર બે વ્યક્તિ તરીકે સર્પગંગા તળાવમાં બોટિંગ કરવા ઈચ્છે તો તેમને બે વ્યક્તિની બોટ ઉપલબ્ધ કરાવવાને બદલે ચાર વ્યક્તિની બોટનો ચાર્જ ચૂકવવો પડતો હોવાનો પ્રવાસીઓ આક્ષેપ કરી રહ્યા છે.જો આ ફરિયાદ સાચી હોય તો સવાલ એ છે કે બે વ્યક્તિ બોટિંગ કરવા આવે ત્યારે તેમને બે વ્યક્તિના પ્રમાણમાં જ ચાર્જ લેવામાં આવે છે કે ચાર વ્યક્તિની બોટનો સંપૂર્ણ ચાર્જ વસૂલવામાં આવે છે? હાલમાં સાપુતારાનાં પ્રવાસન સ્થળે પરિવાર સાથે કે કપલ તરીકે આવતા પ્રવાસીઓ માટે આર્થિક બોજ ઊભો થાય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે.હાલમાં પ્રશ્ન એ ઉભો થયો છે કે સર્પગંગા તળાવનું બોટિંગ ખાનગી ઈજારદારને સોંપતી વખતે વહીવટી તંત્ર દ્વારા કઈ કઈ શરતો નક્કી કરવામાં આવી હતી, તેમાં બે વ્યક્તિની કપલ બોટ ફરજિયાત રાખવાની જોગવાઈ છે કે નહીં, લાઈફ જેકેટ માટે અલગ ચાર્જ વસૂલવાની મંજૂરી છે કે નહીં તથા બોટિંગના દરો કયા આધારે નક્કી કરવામાં આવ્યા છે, તે હવે જાહેર કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.-વાસીઓ પાસેથી વસૂલાતી દરેક રકમની રસીદ આપવામાં આવે છે કે નહીં, દરપત્રક અને ઈજારાના કરારની શરતો વચ્ચે કોઈ તફાવત છે કે નહીં તથા ઈજારદાર દ્વારા મંજૂર દર કરતાં વધુ રકમ તો વસૂલવામાં આવતી નથી ને? તેની પણ તપાસ થવી જરૂરી બની છે.હાલમાં સાપુતારા આવતા -વાસીઓ પાસેથી મનસ્વી રીતે વસૂલાત થતી હોવાની ફરિયાદો જો સાચી હોય તો પ્રવાસન સ્થળની છબી પણ ખરડાઈ શકે છે.

એક તરફ સરકાર પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે, ત્યારે બીજી તરફ પ્રવાસીઓને જ બોટિંગના નામે વધારાનો આર્થિક બોજ સહન કરવો પડે તેવી સ્થિતિ સર્જાતી હોય તો જવાબદાર તંત્રએ આંખ આડા કાન કરવાને બદલે તાત્કાલિક તપાસ કરવી જરૂરી છે.

ગિરિમથક સાપુતારા ખાતે બોટિંગ સંચાલકો દ્વારા પોતાના બાપાની પેઢી હોય તેમ પ્રવાસીઓ પાસે બોટદીઠ આડેધડ વસુલાત કરવામાં આવે છે ત્યારે હાલમાં જ નવનિયુક્ત થયેલ ચીફઓફીસર દ્વારા પારદર્શક તપાસ હાથ ધરાય તેવી માંગ ઉઠી છે.

## મુખ્યમંત્રીના હસ્તે વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ-૨૦૨૬નો પ્રારંભ

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા. ૧૫:** ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે દક્ષિણ એશિયામાં પ્રથમવાર આયોજિત પ્રતિષ્ઠિત વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ ૨૦૨૬ની ૧૦મી આવૃત્તિનો કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા અને રાજ્ય મંત્રી પ્રવીણ માળીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ કરાયો હતો. આ વૈશ્વિક ફોરમમાં વિશ્વના ૬૬ દેશોના ૨,૦૦૦થી વધુ હિસ્સેદારો, વૈજ્ઞાનિકો અને ઉદ્યોગસાહસિકો સહભાગી થઈ રહ્યા છે. આગામી ૧૮મી, સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી યોજાનારા આ ચાર દિવસીય ફોરમમાં વૈશ્વિક સ્તરે ઉત્સર્જન ઘટાડવા, સર્ક્યુલર બિઝનેસ મોડેલ્સ અપનાવવા અને ટકાઉ આર્થિક વિકાસને વેગ આપવા અંગે ઊંડાણપૂર્વક મંથન કરવામાં આવશે. આ આયોજનથી દક્ષિણ એશિયાઈ દેશોમાં પર્યાવરણ અનુકૂળ નીતિઓ અને ટેકનોલોજીના આદાન-પ્રદાનને એક નવી દિશા મળશે. મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રીએ, ગ્રીન ઈનોવેશન્સ, વેસ્ટ-ટુ-વેલ્થ મોડેલ્સ અને રિસાયક્લિંગ ટેકનોલોજીને પ્રદર્શિત કરતાં ૧૨૫થી વધુ સ્ટોલ્સ ધરાવતાં વિશેષ સર્ક્યુલરિટી એક્સ્પોનું પણ વિધિવત ઉદ્ઘાટન કરી નિરીક્ષણ કર્યું હતું.

આ તબક્કે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી પર એક એવી વૈશ્વિક ચિંતનયાત્રાનો આરંભ થઈ રહ્યો છે. જે માત્ર અર્થવ્યવસ્થાની દિશા નક્કી કરવાની નહીં પરંતુ આવનારી પેઢીઓનું ભવિષ્ય નક્કી કરવાની યાત્રા છે. વર્લ્ડ સર્ક્યુલર ઈકોનૉમી ફોરમ-૨૦૨૬ નું સૌ પ્રથમ વખત ભારતમાં આયોજન થઈ રહ્યું છે. ભારત ઉપરાંત ૬૬ દેશોના પ્રતિનિધિઓ, ૨૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો અને ૫૫ આંતરરાષ્ટ્રીય વક્તાઓની ભાગીદારી આ ફોરમના વૈશ્વિક મહત્વને દર્શાવે છે. વિકાસ અને પર્યાવરણ એકબીજાના વિરોધી નથી. આપણે ગ્રોથ પણ જોઈએ અને ગ્રીનરી પણ જોઈએ, ઈન્ડસ્ટ્રી પણ જોઈએ અને ઈકોલોજી પણ જોઈએ, પ્રોસ્પેરિટી પણ જોઈએ અને સસ્ટેનેબિલિટી પણ જોઈએ, આ જ WCEF–2026ની સાચી ભાવના છે. WCEF–2026 ગુજરાતને પોતાની શ્રેષ્ઠ પ્રથાઓ વિશ્વ સમક્ષ રજૂ કરવાની અને વિશ્વની શ્રેષ્ઠ પ્રથાઓમાંથી શીખવાની તક પૂરી પાડશે. પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મંદિરને સર્ક્યુલર ઈકોનોમીના ઉત્તમ ઉદાહરણ છે. મંદિરમાં ભક્તો દ્વારા અર્પણ થતાં ફૂલ, બિલીપત્ર, દૂધ, જળ, પંચામૃત, કપડાં કે અન્ય સામગ્રીને કચરો સમજીને ફેંકી દેવામાં આવતી નથી. અભિષેકમાંથી નીકળતા પવિત્ર પ્રવાહીને વૈજ્ઞાનિક પદ્ધતિથી શુદ્ધ કરીને 'સોમ-ગંગા જળ' તરીકે ભક્તો સુધી પહોંચાડવામાં આવે છે.

મંદિર અને ટ્રસ્ટની વ્યવસ્થામાંથી નીકળતાં ફૂલ, બિલીપત્ર અને ભોજનના જૈવિક કચરાને વૈજ્ઞાનિક પ્રક્રિયા દ્વારા ખાતરમાં પરિવર્તિત કરવામાં આવે છે. પ્લાસ્ટિક કચરામાંથી પેવર બ્લોક બનાવવામાં આવે છે તથા સ્થાનિક સખી મંડળની મહિલાઓને તાલીમ આપી આ કાર્ય સાથે જોડવામાં આવી છે. બદલાતી વૈશ્વિક પરિસ્થિતિમાં ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવું અનિવાર્ય છે અને સર્ક્યુલર ઈકોનોમી ઊર્જા ક્ષેત્રમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, બ્રિક્સ નવી દિલ્હી ઘોષણાપત્રમાં પણ આર્થિક સ્થિતિસ્થાપકતા અને ટકાઉ વિકાસ માટે સર્ક્યુલર ઈકોનોમીની અનિવાર્યતાને વૈશ્વિક સ્તરે પુનઃસમર્થન મળ્યું છે.

સર્ક્યુલર ઈકોનોમીનો અર્થ માત્ર કચરાના નિકાલ કે રિસાયક્લિંગ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે સંસાધનોના સમગ્ર જીવનચક્ર, ડિઝાઈન, ઉત્પાદન, વપરાશ, પુનઃઉપયોગ, સમારકામ અને પુનઃઉત્પાદનને વધુ કાર્યક્ષમ અને ટકાઉ બનાવવાની વ્યાપક વિચારધારા છે.

ભારતે પર્યાવરણ સંરક્ષણ અને આર્થિક વિકાસને એકબીજાના વિરોધી નહીં, પરંતુ એકબીજાના પૂરક તરીકે સ્વીકારીને સંસાધનક્ષમ, ટકાઉ અને સર્વસમાવેશી વિકાસની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લીધાં છે. વાસ્તવમાં, ભારત માટે સર્ક્યુલર ઈકોનોમી કોઈ નવી વિચારધારા નથી. તે તો આપણી સદીઓ જૂની જીવનશૈલી, સંસ્કૃતિ અને પરંપરાગત મૂલ્યોનો અભિન્ન હિસ્સો રહી છે. આપણી સંસ્કૃતિમાં વસ્તુને ઉપયોગ પછી તરત જ ફેંકી દેવાની નહીં, પરંતુ તેને સમારકામ કરવાની, પુનઃઉપયોગ કરવાની અને શક્ય હોય ત્યાં સુધી પુનઃઉત્પાદિત કરવાની પરંપરા રહી છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ભારત હવે સર્ક્યુલર ઈકોનોમીના ક્ષેત્રમાં એક મોટી સંભાવના તરીકે ઉભરી રહ્યું છે. વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતની સર્ક્યુલર ઈકોનોમીનું બજાર મૂલ્ય ૨ ટ્રિલિયન ડોલરથી વધુ થવાની અને લગભગ ૧ કરોડ રોજગારીની તકો ઊભી થવાની સંભાવના છે. આથી, આજના સમયમાં સર્ક્યુલર ઈકોનોમી માત્ર આપણા પર્યાવરણ અને ઈકોસિસ્ટમને સહારો આપવાનો માર્ગ નથી તે હવે આર્થિક વિકાસ અને સમૃદ્ધિ માટેની એક મોટી સંભાવના પણ બની રહી છે.

રાજ્યમાં ૧,૨૪૨ રિસાયક્લિંગ સુવિધાઓ અને ૧૯ કોર -નેસેસિંગ યુનિટ્સ છે. ગત વર્ષે ગુજરાતમાં આશરે ૬૩ ટકા કચરાના રિસાયક્લિંગની કામગીરી થઈ છે. ગુજરાતમાં ૪૧ ઈ-વેસ્ટ રિસાયકલર્સ અને ૧૨ રિફર્બિશર્સ આવેલા છે.

## બલવાડામાં દારૂ ભરેલા ટેમ્પા સાથે ચાલકની ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૫ :** ચીખલી નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ બલવાડા ગામની હદ માંથી ચીખલી પોલીસે એક ટાટા ટેમ્પામાંથી રૂપિયા ૧૭.૪૩ લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડી ચાલકને પકડી લઈ એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦ ટેમ્પો કિંમત રૂપિયા ૭ લાખ મળી કુલ ૨૪. ૪૮ લાખનો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો ભરાવનાર તથા ટેમ્પાનું પાયલોટિંગ કરનાર તેમજ દારૂ ભરેલો ટેમ્પો આપનાર શખ્સ અને વડોદરા ખાતે દારૂનો જથ્થો લેવા આવનાર તેમજ ટેમ્પા નો માલિક સહિત ચાર વ્યક્તિઓને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી નેશનલ હાઈવે પર ખાનગી રાહે બાતમી મળી હતી કે વાપી થી એક કથ્થઈ કલરનો ટેમ્પો નંબર ડીડી ૦૧ એફ ૯૪૬૧ માં દારૂનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહ્યો છે જે બાતમીના આધારે વોચ રાખતા ઉપરોક્ત નંબર વાળો ટેમ્પો પોલીસને નજરે પડતા જેને રોકી ટેમ્પાની તલાસી લેતા ટેમ્પામાં દારૂને સંતાડવા માટે પૂંઠાના રોલ ભરેલ બોરીઓ રાખી જેને હટાવી જોતા ૨૨૦ પૂંઠાના બોક્સ માં વિદેશી દારૂ ની વિસ્કી, વોડકાની નાની મોટી બાટલી તેમજ ટીન બિયર મળી કુલ ૬૦૨૪ નંગ બોટલ કબજે કરી હતી જેની અંદાજિત કિંમત રૂપિયા ૧૭.૪૩.૩૬૦ ગણવામાં આવી છે. જ્યારે ટેમ્પાની કિંમત રૂપિયા ૭ લાખ એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦ મળી કુલ ૨૪.૪૮.૩૬૦ નો મુદ્દામાલ કબજે કરી ટેમ્પો ચાલક શિવમ રાજુ શર્મા ઉ.વ. ૩૩ રહે. જીંજક ગામ રેલ્વે ફાટકની પાસે પોસ્ટ થાના જી. કાનપુર (યુપી) ની વધુ પૂછપરછ કરતા એક મોબાઈલ નંબર ૮૮૫૩૧૬૫૦૨૪ નો ધારક જેનું પૂરું નામ સરનામું જણાયેલ નથી જેણે દારૂનો જથ્થો ભરાવી આપી આ ટેમ્પાનું કોઈ ફોરવીલર ગાડીમાં પાયલોટિંગ કરી રહ્યો હતો

જ્યારે આ મોબાઈલ ધારક નો કોઈ માણસ જેનું પૂરું નામ સરનામું જણાયેલ નથી જે દારૂ ભરેલ ટેમ્પો આપી ગયો હતો જ્યારે વડોદરા ખાતે દારૂનો જથ્થો મંગાવનાર ૮૮૫૩૧૬૫૦૨૪ નો કોઈ માણસ જેનું નામ સરનામું જણાયેલ નથી.


**પ્રશાસન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ વન વિભાગ (વન્ય જીવ), દાદરા અને નગર હવેલી**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

વિષય : દાદરા અને નગર હવેલીના વન વિભાગ, વન્યજીવ વિભાગ માટે કર્મચારીઓની આઉટ સોર્સિંગ સેવા પુરી પાડવા બાબત.

| | |
|---|---|
| ટેન્ડર નં. | 7-2/779/FD/WL/2022-Part - II/763 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઈન ડાઉનલોડ | ૧૧.૦૯.૨૦૨૬ ૦૬.૦૦ વાગ્યાથી |
| ઓનલાઈન કિંમત બિડ સબમિશન | ૨૪.૦૯.૨૦૨૬ બપોરે ૧૪.૦૦ વાગ્યા સુધી |
| પ્રાઈસ બિડ ઓનલાઈન ઓપનિંગ | ૨૪.૦૯.૨૦૨૬ ૧૬.૦૦ વાગ્યા |
| ટેન્ડર આઈડી નંબર | 2026_UTDNH_8253_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

www.dnh.gov.in, www.dnhtenders.gov.in

નાયબ વન સંરક્ષક, વન જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા

NO.: IP/DMN/2/5/2026-27/491 DATED : 15/09/2026



UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU
Department of Sports & Youth Affairs, Dadra & Nagar Haveli
ADVERTISEMENT
(WALK IN INTERVIEW)
KHELO INDIA STATE CENTER OF EXCELLENCE (KISCE)
DADRA & NAGAR HAVELI
No. ADM/S&YA/GNL/KISCE-RECTT.PART-II/2020-21/288
Start Date of Application: 09/09/2026
Last Date of submission of Application: 21/09/2026
For more detail please Scan
Address: Sports & Youth Affairs, Farmer Training Centre, Dokmardi, Silvassa – 396230
Phone No : 0260-2977600/9433170545 Email-id : dnhsportsyouthaffairs@gmail.com
NO.: IP/DMN/2/5/2026-27/493 DATED : 15/09/2026



**પ્રશાસન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ વન વિભાગ (વન્ય જીવ), દાદરા અને નગર હવેલી**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

વિષય : કૌચા જમાલપાડા (સર્વે નંબર ૫૬) ખાતે હરણના વાડા માટે ૫.૫૦ કિમી ચેઈન-લિંક ફેન્સિંગ પૂરું પાડી બેસાડવાનું કામ

| | |
|---|---|
| ટેન્ડર નં. | 8-6/FD/CSD/WL/2024/ESTMATE-722/NIT/766 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઈન ડાઉનલોડ | ૧૧.૦૯.૨૦૨૬ સાંજે ૧૮.૦૦ વાગ્યાથી |
| ઓનલાઈન કિંમત બિડ સબમિશન | ૧૮.૦૯.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ વાગ્યા સુધી |
| પ્રાઈસ બિડ ઓનલાઈન ઓપનિંગ | ૧૮.૦૯.૨૦૨૬ ૧૬.૦૦ વાગ્યા |
| ટેન્ડર આઈડી નંબર | 2026_UTDNH_8246_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

www.dnh.gov.in, www.dnhtenders.gov.in

નાયબ વન સંરક્ષક, વન જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા

NO.: IP/DMN/2/5/2026-27/490 DATED : 15/09/2026



**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM PANCHAL BINDUBEN D. TO BINDUBEN DHANSUKHLAL PANCHAL ADDRESS : - FLAT NO. 206, 2ND FLOOR., KRUPALU BUILDING, CROSS LANE-7, DILIP NAGAR, NANI DAMAN-396210



**યુનિફોસ ઈનટરનેશનલ લિમિટેડ**

CIN : U24219GJ1992PLC027317

રજી. ઓફિસ : ૧૦૧૧ એ, સોનોરસ - એ, ૧૦મો માળ, મહાત્મા ગાંધી સર્કલ પાસે સર્કિટ હાઉસની સામે, રેલ્વે સ્ટેશન રોડ, વાપી, વલસાડ, ગુજરાત - ૩૯૬૧૯૧

વેબસાઈટ : www.uilonline.com ઈમેલ : uil@uilonline.com

**નોટીસ**

આથી જાણ કરવામાં આવે છે કે, કંપનીઝ કાયદો, ૨૦૧૩ની કલમ ૧૦૮ અન્વયે અને તેના હેઠળ બનાવવામાં આવેલા નિયમો મુજબ કંપનીએ સભ્યોની ૩૪મી વાર્ષિક સામાન્ય સભા મંગળવાર ૨૯મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ૧૧, જી.આઈ.ડી.સી., વાપી, ગુજરાત - ૩૯૬૧૯૫ ખાતે સવારે ૯:૦૦ વાગ્યે યોજાશે. કંપનીએ ૩૪મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં જણાવેલ કામકાજ બાબત રિમોટ ઈ- મતદાન સુવિધા નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ (એન.એસ.ડી.એલ) દ્વારા પુરી પાડી છે જેની લિંક http.//www.evoting.nsdl.com છે.

કંપનીએ નોટિસ સાથે ઈ-મતદાન માટેના યુઝર આઈડી અને પાસવર્ડ સભ્યોને મોકલેલ છે. ૩૪મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ કંપનીના વેબસાઈટ www.uilonline.com પર અપલોડ કરેલ છે.

આ રિમોટ ઈ-મતદાનનો સમય શનિવાર તા.૨૬મી સપ્ટેમ્બર ૨૦૨૬ સવારે ૯.૦૦ વાગ્યેથી શરૂ થઈને સોમવાર તા.૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે સમાપ્ત થશે. આ પછી એન.એસ.ડી.એલ. દ્વારા આ રિમોટ ઈ વોટિંગનું મોડ્યુલ મતદાન માટે બંધ કરવામાં આવશે.

રિમોટ ઈ વોટિંગ દ્વારા મતદાનનો ઉપયોગ કર્યા પછી પણ સભ્ય ૩૪મી વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહી શકે છે. પરંતુ ફરીથી મતદાન માટે હકદાર રહેશે નહી.
રિમોટ ઈ વોટિંગ બાબતમાં કોઈપણ પૂછપરછ હોય તો તેઓ ઈમેલ દ્વારા એન.એસ.ડી.એલ.ને evoting@nsdl.co.in અથવા ટેલિફોન નં. (ટોલ ફ્રી) ૧૮૦૦-૨૨૨-૯૯૦ ઉપર સંપર્ક કરવો.

**બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના આદેશથી**
સહિ.
બિપિન જાની
ડાયરેક્ટર
(ડિન : ૦૦૨૯૭૦૪૩)

તા.૪ સપ્ટેમ્બર ૨૦૨૬

















Wednesday 16, September 2026

# દમણગંગા ટાઇમ્સ



દક્ષિણ ફળિયા યુવક મંડળ, ગોરગામ


રચના સોસાયટી, તિથલ રોડ, વલસાડ


વલસાડ કોસંબા નવરંગ સ્ટ્રીટ ચા રાજા


અગિયારી સ્ટ્રીટ યુવક મંડળ, વલસાડ


સાર્વજનિક વિજય મંડળ, મોગરાવાડી, વલસાડ


શ્રી જય ભવાની યુવક મંડળ, હાલર તળાવ, વલસાડ


ચંદ્રલોક એન્ટરપ્રાઈઝના રાજા, ચલા, વાપી


કાશી મિત્ર મંડળ, મચ્છી માર્કેટ, કચીગામ રોડ, વાપી


શ્રી સપ્તશૃંગી માતા મિત્ર મંડળ, સફાઈ કામદાર, વાપી મનપા


એક્તા મિત્ર મંડળ, મારૂતિ પરિવાર, વાપી


શ્રી ભંડારી યુવક મંડળ, સાર્વજનિક ગણેશ મહોત્સવ, નામધા, વાપી


હનુમાન મિત્ર મંડળ, વાપી, દેસાઈ

## વાપી શાકભાજી માર્કેટમાં પ્રથમ વખત ગણેશોત્સવ નહીં

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૫ :** વાપી ટાઉન શાકભાજી માર્કેટમાં ૧૯૯૪થી શાકભાજી વેપારી મંડળ દ્વારા દર વર્ષે ધામધૂમથી ગણેશોત્સવ અને દુર્ગાપૂજા ઉત્સવનું આયોજન કરવામાં આવતું હતું. આ વર્ષે કોઈ અગમ્ય કારણોસર ગણેશોત્સવનું આયોજન કરવામાં ન આવતા રોજ શાકભાજી માર્કેટમાં આવતા હજારો લોકોમાં કુતૂહલ સાથે અનેક સવાલો ઉઠી રહ્યાં છે. જોકે આ અંગે વાપી શાકભાજી વેપારી મંડળના પ્રમુખનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પરંતુ સંપર્ક થઈ શક્યો ન હતો.


જિલ્લા સંઘપ્રદેશમાં ગણેશ ચતુર્થીના પાવન પર્વે ભક્તો દ્વારા અત્યંત શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક વિઘ્નહર્તા ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. દોઢ દિવસ સુધી ઘરો અને પંડાલોમાં લાડકા બાપ્પાની સેવા-અર્ચના કર્યા બાદ મંગળવારે સાંજે અંબિકા નદીના કિનારે ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. બીલીમોરાની અંબિકા નદીમાં હોડી દ્વારા ગણેશજીની પ્રતિમાને ઊંડે સુધી લઈ જઈ વિસર્જિત કરવામાં આવ્યું હતું.

## વાપીમાં નોકરીમાંથી કાઢી મૂકતા કંપની પર પથ્થરમારો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૫ :** વાપી જીઆઈડીસી સેકન્ડ ફેઝમાં આવેલી દામીની ઈન્ડસ્ટ્રીઝમાંથી નોકરીમાંથી કાઢી મૂકેલા કર્મચારીએ કંપની પર પથ્થરમારો કરી હોબાળો મચાવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી જીગરભાઈ જયેશભાઈ મોરી (ઉ.૨૭, રહે. ગોકુલ વિહાર, વાપી) જીઆઈડીસી પ્લોટ નં. ૧૬૫/સી/૨ માં દામીની ઈન્ડસ્ટ્રીઝ ચલાવે છે. ગઈ કાલે ૧૪ સપ્ટેમ્બરે સવારે ૧૦:૩૦ વાગ્યે કંપનીનો સિક્યુરિટી ગાર્ડ રાજેશ્યામ ગીરીએ જાણ કરી હતી કે, કંપનીમાંથી કાઢી મૂકેલો રોહીત પટેલ પગાર ન ચૂકવ્યાનો આક્ષેપ કરી બહાર રોડ પરથી અંદર કામ કરતા માણસો પર છૂટા પથ્થર ફેંકતો હતો.

સાંજે ૪:૪૫ વાગ્યે તેણે ફરી આવી ફરિયાદીની પાર્ક કરેલી ગાડી પર પથ્થર ફેંક્યો હતો. સાંજે ૬:૫૦ વાગ્યે ફરી આવતા સિક્યુરિટી અને માણસોએ તેને પકડી પાડ્યો હતો. ત્યારે તેણે માતા-બહેન સામે ગાળો બોલી કંપની બંધ કરાવી દેવા અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ૧૧૨ પર કોલ કરતા પોલીસે તેને પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી, ત્યાં પણ તેણે પોલીસ સામે બોલાચાલી અને બૂમાબૂમ કરી હતી. વાપી જીઆઈડીસી પોલીસે રોહીત વન્સીભાઈ પટેલ (રહે. હાઉસિંગ ગુંજન, વાપી) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


## ધરમપુરનાં ભાંભામાં માર્ગ અકસ્માતમાં યુવકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૧૫ :** ધરમપુર તાલુકાના ભાંભા ગામે જલારામ પેટ્રોલ પંપ નજીક પૂરઝડપે અને ગફલતભરી રીતે દોડાવી લાવવામાં આવેલી હોન્ડા કારે પાર્ક કરેલા વાહનોને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૨૫ વર્ષીય યુવકનું ગંભીર ઈજાઓના કારણે ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે દુકાન બહાર ઉભેલી મહિલાને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ તા.૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૮:૧૫ વાગ્યાના અરસામાં ભાંભા ગામના આહિર ફળિયા વિસ્તારમાં જલારામ પેટ્રોલ પંપ પાસે ખેરગામથી ધરમપુર તરફ આવતા માર્ગ પર આ અકસ્માત સર્જાયો હતો. સુરતના નારાયણ નગર ખાતે રહેતા સુજિત અરુણ તિવારી હોન્ડા જાઝ કાર નં. GJ-24-K-9547 પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવ્યા હતાં. દરમિયાન અનાજ-કરિયાણાની દુકાન સામે પાર્ક કરાયેલા વાહનોને કારની ટક્કર લાગતાં બે મોટરસાયકલો હવામાં ફંગોળાઈ ગઈ હતી.

આ પૈકી એક મોટરસાયકલ પર સવાર ભાંભા ગામના નિશાળ ફળિયામાં રહેતા યોગેશભાઈ રણજીતભાઈ પટેલ (ઉ.વ. ૨૫)ને માથા, મોઢા, ડાબા હાથ તથા જમણા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાઓના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઉપરાંત દુકાનની બહાર ઉભેલા પ્રિયાબેન નૈલેશભાઈ પટેલને પણ ડાબા ખભા, ડાબા હાથ તથા માથાની ડાબી બાજુએ ગંભીર ઈજાઓ થઈ હતી. આ બનાવ અંગે ધરમપુર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.





## બીલીમોરામાં શ્રી ગણેશજીનું ૧૧ તોલાના સોનાના હાથ અને આભૂષણોનું આકર્ષણ

**બીલીમોરા, તા.૧૫ :** સોમવારથી ગણેશ ઉત્સવનો ઠેર ઠેર દબદબાભેર પ્રારંભ થયો છે. વિવિધ મંડળો દ્વારા શ્રીજીની આકર્ષક પ્રતિમાઓ સ્થાપી ભક્તોને આકર્ષવા માટે વિવિધ પ્રકારના ડેકોરેશન કરવામાં આવી રહ્યા છે. સાથે જ બાપ્પાની મૂર્તિઓને ચલણી નોટોનો હાર, અવનવા ફુલહાર તથા રોશનીથી શણગાર કરવામાં આવી રહ્યો છે ત્યારે બીલીમોરા ખાતે ૧૯૮૬થી કાર્યરત બીલીમોરાના સુ-સિદ્ધ 'સ્વસ્તિક ગણેશ મંડળ' ખાતે ૧૧ તોલા સોનાનો હાથ, અલૌકિક સુવર્ણ આભૂષણો અને ભવ્ય ચાંદીના છત્ર સાથે વિરાજમાન વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે.

## દમણની એમ્બ્યુલન્સ દાદરા ચેકપોસ્ટ પાસે પલટી ગઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૫ :** દાદરા ચેકપોસ્ટ નજીક ગઈકાલે રાત્રે એમ્બ્યુલન્સ પલટી જવાની ઘટના બની હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ નથી.

પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે રાત્રે ૯:૩૦ કલાકે દમણથી એક દર્દીને સેલવાસની નમો હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી રહી હતી. તે દરમિયાન દાદરા ચેકપોસ્ટ પાસે સામેથી આવતા કોઈ વાહનની તીવ્ર હેડલાઈટ આંખમાં પડતા એમ્બ્યુલન્સ ચાલકે સમતુલન ગુમાવ્યું હોવાની ચર્ચા છે.

હેડલાઈટના અંજામણને કારણે ચાલકને રસ્તો સ્પષ્ટ દેખાયો ન હતો અને એમ્બ્યુલન્સ રોડની બાજુમાં પલટી મારી ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી.

## દમણના દરિયામાં ગણેશ વિસર્જન વેળા ડૂબતા યુવકને બચાવાયો



**(દમણગંગા ટાઈમ પ્રતિનિધિ)**

**દમણ, તા.૧૫ :** દમણના દરિયા કિનારે જેટી પર ગણેશ વિસર્જન દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. દરિયા અને દમણગંગા નદીના સંગમ સ્થળે એક યુવક અચાનક નદીમાં પડી જતા પાણીની વચ્ચે ફસાઈ ગયો હતો.

યુવક નદીમાં ફસાયેલો હોવાનું નજરે પડતાં કેટલાક યુવકોએ હિંમત દાખવી યુવકને બચાવવા માટે હોડી લઈને તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ નદીમાંથી યુવકને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો.

રેસ્ક્યુ કર્યા બાદ યુવકને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. યુવક નદીમાં કયા સંજોગોમાં પડ્યો હતો અને ઘટના પાછળનું ચોક્કસ કારણ શું હતું તે અંગેનું રહસ્ય હાલ અકબંધ છે.

ઘટનાની જાણ થતાં પોલીસે જરૂરી તપાસ હાથ ધરી છે અને યુવકની પૂછપરછ સહિતની કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

## વાપીની સરકારી-અર્ધ સરકારી કચેરીઓમાં મીની વેકેશન જેવો માહોલ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૫ :** વાપીમાં સરકારી અને અર્ધસરકારી કચેરીઓમાં છેલ્લા ચાર દિવસથી મીની વેકેશન જેવો માહોલ જોવા મળ્યો હતો. તહેવારોને લઈ અરજદારોની પાખી હાજરી જોવાં મળી હતી.

બીજા શનિવારની રજા બાદ રવિવારની જાહેર રજા હતી. સોમવારે ગણેશ ચતુર્થીના તહેવારને લઈને ઘણા કર્મચારીઓએ સ્વૈચ્છિક રજા લીધી હતી. જેને લઈ બહુધા કચેરીમાં કર્મચારીઓની હાજરી પાખી જોવા મળી હતી. ત્યારબાદ મંગળવારે પર્યુષણ પર્વની સંવત્સરીની જાહેર રજા જાહેર કરવામાં આવી છે. આમ શનિવારથી મંગળવાર સુધી સતત ચાર દિવસની રજાઓનું જોડાણ થતા સરકારી - અર્ધસરકારી કચેરીઓ મોટાભાગે ખાલીખમ જોવા મળી હતી. મહાપાલિકા કચેરી, બેંકો, ઈસ્યુરન્સ કંપનીઓ વગેરેમાં સન્નાટો જેવો માહોલ દેખાયો હતો.બુધવારથી આ તમામ કચેરીઓમાં રાબેતા મુજબ કામકાજ શરૂ થશે તેવો અંદાજ છે.

## કચીગામ ચેકપોસ્ટ પાસેથી અજાણ્યા પુરુષની લાશ મળી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૧૫ :** કચીગામ ચેકપોસ્ટ નજીક આવેલી એક બિલ્ડિંગમાંથી અંદાજે ૩૫થી ૪૫ વર્ષના અજાણ્યા પુરુષની લાશ મળી આવતા ચકચાર મચી છે. ઘટનાની જાણ થતાં કચીગામ પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

પ્રાથમિક તપાસ દરમિયાન મૃતકના માથાના ભાગે ઈજાના નિશાન જોવા મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેના પગલે પોલીસે ઘટનાને ગંભીરતાથી લઈ ફોરેન્સિક ટીમને સ્થળ પર બોલાવી તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક દૃષ્ટિએ મોત અંગે શંકાસ્પદ પરિસ્થિતિ જોવા મળી રહી છે અને હત્યાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, મૃતકનું મોત કયા કારણોસર થયું તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે.

હાલ કચીગામ પોલીસે ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. મૃતકની ઓળખ મેળવવા તેમજ ઘટનાની હકીકત જાણવા માટે આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે.

## ડુંગરી પોલીસે ગુમ ૧૩ મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા

**(દમણગંગા ટાઈમ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૫ :** પ્રજા અને પોલીસ વચ્ચે સંકલન વધે તેમજ પોલીસ પ્રત્યે સામાન્ય નાગરિકોનો વિશ્વાસ દ્રઢ બને તેવા આશયથી રાજ્યના પોલીસ મહાનિર્દેશક જી.એસ. મલીકના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા 'તેરા તુજકો અર્પણ' અભિગમને ડુંગરી પોલીસે સાર્થક કરી બતાવ્યો છે. સુરત રેન્જના આઈ.જી.પી. પ્રેમવીર સિંહ તથા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન મુજબ ગુમ થયેલા કે ચોરી થયેલા મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત કરવાની મુહિમ હાથ ધરવામાં આવી હતી.

વલસાડ ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક એ.કે. વર્માની સૂચના હેઠળ ડુંગરી પોલીસ સ્ટેશનના પી.આઈ.યુ.એચ. પટેલના પોલીસે સ્ટેશનમાં મોબાઈલ ગુમ અરજીઓની તપાસ હાથ ધરી CEIR પોર્ટલ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી કુલ ૧૩ મોબાઈલ ફોન કિંમત ૨,૦૭,૪૯૨ ટ્રેસ કરી શોધી કાઢ્યા હતાં.



નાયબ પોલીસ અધિક્ષક એ.કે. વર્માના અધ્યક્ષ સ્થાને ડુંગરી પોલીસ સ્ટેશનમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજી તમામ અરજદારોને તેમના શોધાયેલા મોબાઈલ સન્માનપૂર્વક પરત સોંપવામાં આવ્યા હતાં. પોતાના ખોવાયેલા મોબાઈલ પરત મળતાં અરજદારોએ ડુંગરી પોલીસની કામગીરી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ સમગ્ર સફળ કામગીરીમાં પી. આઈ. યુ.એચ. પટેલની રાહબરી હેઠળ અ.હે.કો. હિતેશભાઈ શંકરભાઈ તથા અ.પો.કો. દિપેશભાઈ કમલેશભાઈએ ઉત્કૃષ્ટ ટીમવર્ક દર્શાવ્યું હતું.

## લવાછા ઘરફોડ ચોરીમાં ગણતરીના દિવસોમાં ૩ ઝડપાયા

**વાપી, તા.૧૫ :** લવાછા ગામે વાપી-સેલવાસ રોડ પર અનાજ બજાર સામે ગૌતમભાઈની ચાલમાં રહેતા સુરેન્દ્ર માનેકલાલ ચૌહાણના ઘરે તા.૧૧ સપ્ટેમ્બરે તાળું તોડી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના રૂા.૧,૧૭,૦૦૦, રોકડ રૂા.૧૫,૦૦૦ અને HP ગેસ બાટલા નં-૨ કિ. રૂા.૪,૦૦૦ મળી કુલ રૂ.૧,૩૬,૦૦૦ની ચોરી થઈ હતી. આ અંગે નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હતો.

SP જાડેજા તથા DySP પંડ્યાના માર્ગદર્શન હેઠળ PI એમ.એન. કાતરીયાએ ટીમો બનાવી CCTV અને ટેકનિકલ સર્વેલન્સથી તપાસ કરતા ત્રણ આરોપીઓ વિજયબહાદુર ઉર્ફે ગુરુ શ્રીરામ સરોજ, સતિષકુમાર દિનેશ સરોજ, મનીષ ઉર્ફે આનંદ બહાદુર પાસી, તમામ રહે. લવાછા, મૂળ જૌનપુર UPને તા.૧૩/૦૯ના રોજ ઝડપી લીધા હતાં. તેમની પાસેથી ચોરીમાં ગયેલા દાગીના રૂા.૨૮,૦૦૦ અને રોકડ રૂા.૧૪,૫૦૦ મળી રૂા. ૪૨,૫૦૦નો મુદ્દામાલ રીકવર કરાયો છે. આરોપીઓને કપરાડા કોર્ટમાં રજૂ કરી તા.૧૬/૦૯ સુધીના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે.

## વાપીથી રૂા.૫ લાખનો દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

**વાપી, તા.૧૫ :** વાપી ટાઉન પોલીસે તા.૧૪/૦૯/૨૦૨૬ના રોજ બાતમીના આધારે દારૂ ભરેલી મહિન્દ્રા બોલેરો પિકઅપ ટેમ્પો નં. GJ.19.Z.0477ને ઝડપી પાડ્યો હતો.

ચાલક રાહુલ રાધેશ્યામ શુક્લા તાડપત્રીમાં છુપાવી ખાખી પૂંઠાના ૭૧ બોક્સમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની વ્હિસ્કી અને બિયરની ટીન ૨,૫૬૮ કિંમત રૂા. ૪,૯૯,૨૦૦નો જથ્થો વગર પાસ પરમીટે ગેરકાયદે વહન કરી લઈ જતો હતો.

પોલીસે દારૂ કિ. રૂા.૫ લાખ અને મોબાઈલ, ટેમ્પો મળી કુલ રૂા.૧૦,૦૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જથ્થો ભરાવનાર લક્ષ્મી રહે.સુરત ને વોન્ટેડ જાહેર કરી વાપી ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**